આવૃત્તિ પહેલી—પ્રત ૧૦૦૦

ટલાક સંવાદો અને આત્મોદ્દગારો.

ભાગ ૧.

સંગ્રહ કર્ત્તા તથા પ્રસિદ્ધ કર્ત્તા

ચીમનલાલ વરજરાય દેસાઇ

તથા

કાન્તિલાલ સાકરલાલ દેસાઇ.

બ્રહ્મક્ષત્રીય એસોસીએશનના પેટ્રન

તથા બ્રહ્મક્ષત્રીય બંધુમંડળના પ્રમુખ.

અમદાવાદ.

અમદાવાદ ખાડીઆમાં 'હિતેચ્છુ પ્રેસ'માં

પિતાંબરદાસ મહેતાએ

આવૃત્તિ પહેલી–પ્રત ૧૦૦૦.

શ્લોક સંવાદો
અને
આત્મોદ્‌ગારો

ભાગ ૧.

સંગ્રહ કર્તા તથા પ્રસિદ્ધ કર્તા
ચીમનલાલ વરજરાય દેસાઇ
તથા
ક્રાન્તિલાલ સાકરલાલ દેસાઇ.
બ્રહ્મક્ષત્રીય એસોસીએશનના પેટ્રન
તથા બ્રહ્મક્ષત્રીય બ્રધરહુડના પ્રમુખ.

અમદાવાદ.

અમદાવાદ ખાડીઆમાં 'હિતેચ્છુ પ્રેસ'માં હરિપ્રસાદ
પિતાંબરદાસ મહેતાએ છાપ્યું.

મુલ્ય ૦–૮–૦

પ્રસ્તાવના.

આ સાથે કર્તાના તરફથી ચુંટી કહડાયેલા, તરજુમો કરાયેલા તથા લખાયેલા એવા કેટલાક સંવાદો અને આત્મોદ્ગારો (Dialogues and soliloquies)નો સંગ્રહ ગુજરાતી પ્રજા સમક્ષ મૂકવામાં આવે છે.

આ જાતનું આ લેખકના માનવા પ્રમાણે ગુજરાતી ભાષામાં આ પ્હેલું જ પુસ્તક છે. આ લેખો કોલેજો, સભાઓ તથા જાહેર સંસ્થાઓના સંમેલન સમયે સંવાદરૂપે ભજવાય તો તેથી કેટલીક પ્રકૃતિઓનું ભાન થાય અને આનંદ સાથે જ્ઞાન આપી શકાય. આ ઉદ્દેશથી આ રચના છે.

આવી જાતના અસંખ્ય સંવાદો ભેગા કરવામાં આવેલા છે જે આ પુસ્તક પ્રગટ થયા બાદ ક્રમે ક્રમે પ્રગટ કરવા ઈરાદો છે. દરમ્યાન ગુજરાતી જાણનારા તરફથી આવા કાર્યની કેવી તુલના થાય છે તે જોવાનું છે.

પહેલા ભાગના સંવાદોમાં સંભાળ લેવામાં આવેલી છે કે કોઇ સ્ત્રીના સંવાદ બહુ આવતા હોય નહિ. સ્ત્રીઓનાજ કેવળ સંવાદો પણ છે. જે હવે પછીના ભાગોમાં પ્રગટ કરવા વિચાર રાખેલો છે.

કેટલેક ઠેકાણે મૂળ કરતાં ટુંકાવવાની જરૂરીયાત જણાતાં ટુંકાણ કરવામાં આવેલ છે.

ફક્ત એકજ આત્મોદ્ગાર આમાં મૂકેલ છે. જો કે બીજા તૈયાર હતા પરંતુ અમુક કારણસર આ હાલના રૂપે તુરત મુકવું જરૂરનું જણાયાથી ન્હાની વ્હાણી કરી છે તે વાચકવર્ગ સ્વીકારી પોતાના અભિપ્રાય દર્શાવશે તો ભવિષ્યના ભાગોમાં સૂચનાઓનો અમલ કરાય.

અમદાવાદ }
તા. ૧૯ મી ડીસેમ્બર ૧૯૧૧. }

—સંગ્રહ કર્તા—

-કેટલાક સંવાદો-

અને

આત્મોદ્ગારો.

ભાગ ૧.

(Dialogues and Soliloquies.)

Part 1.

અનુક્રમણિકા.

કેટલાક સંવાદો

અને

આત્મોદ્‌ગારો.

ભાગ ૧.

૧

ખૂની પ્રતિજ્ઞા.

વસ્તુ—રાજા કરણ પોતાની પુત્રી દેવળદેવી મુસલમાનોના હાથમાં જશે એવી શંકાથી તેનું ખુન કરવા તૈયાર થાય છે પરન્તુ હૃદયની લાગણીઓથી તે તેમ કરી શકતો નથી. દેવળદેવી જાગે છે અને કરણ દીલગીરીમાં દુઃખી બને છે. દેવળદેવી પોતાના બાપને શાંત્વન દે છે અને છેવટે ખૂની પ્રતિજ્ઞા લઇ તેને સંતોષે છે.

સ્થળ—બાગલાણના કીલ્લામાં કરણનો ઉતારો.

દેખાવ—સૂતેલી દેવળ ઉપર હાથમાં ખંજર લઈ ઉભેલો, કરણ દેખાય છે.

કરણ—અરી ખંજર, પડ શરપર, કરી દે ઘા કારીથી
ખૂની ટુકડા કકડે કકડા કરી ચીરા દીલે આપે,
ભલે બહગો ચોમેરે ખુશીની સાથ સૌ ફેલે
પરન્તુ ખૂનના ખંજર જરા ઉંડે ઉતરતાં જો
આસ્માનના સિતારાની અગર આફતાબની રશ્મી
ઝબક તેજ ઝઝુમે જેમ નારી નૂર ચમક જો.
ખૂનની સરિતામાં ઉંડે ઉતર જરા ધારે
અને તે સ્નાનની કીમત સેવા દેશથી ઝાઝી.
નારી જીવન પવિત્રતા, શુરવીરની સ્વતંત્રતા,
દેહીની અમરતા ખંજર તુજ જીગરમાં!
જીગર તું ખોલ અને તું બોલ કઈ આપત્તિ વિપત્તિ
પડે પાષાણ શલ્યાએ હૃદયને તે નહી બાળે?
ખોલ, બોલ, અંતર પટ તું ખોલ,
વેરાન રાનમાં ગંભીર એકાંતમાં સુખની સહચરી,
દુઃખની દુઃખહરી, હૃદયની હામમાં સ્હાય તું થાય કે?
આપ તું હામ હૈયામાં કરી દે કામ જલ્લાદી
તરત જલ્દી ત્યજાવી મોહ અગર સ્નેહ સંસારી.
હા ધ્રૂજે કાં હાથ અને શાને? ખંજર શું તુજમાં દયા?
અગર શું હૃદય હીબકે છે કરતા કૃત્ય કાલવીરનું?
વીરની વીરતા, શૌર્યની શૌર્યતા, હાકની હાકલે
સ્હાય થાઓ જોર ઘો.
ખંજર, બન તું નીડર, કર તું કામ, જલ્દી કર

હીબક ના હ્રદય, તું લાગણીને દૂર કર.
અરરરર કામ આ ઘાતકી!
દૂર દૂર ખંજર, હરામી, તું દૂર થા.
અરે ક્રુર કરણ તું કાં થતો પુત્રીનો ઘાતક ?
ધીક્કાર. ધીક્કાર— (ખંજર દૂર ફેંકે છે.)

× × × ×

૨

ભાઈનો બદલો.

વસ્તુ—હલદીઘાટના યુદ્ધમાંથી નાઠેલો પ્રતાપ પોતાના વહાલા ઘોડાના મોત ઉપર શોક કરતો ઉભો છે તે દરમ્યાન શુક્તસિંહ (પ્રતાપનો નાનો ભાઇ જે કેટલાક કારણસર પ્રતિજ્ઞા કરી ગયો હતો કે તેના અપમાનને બદલે તે બદલો લેશ તે) આવી પહોંચે છે. હલદીઘાટના યુદ્ધમાં પ્રતાપની શક્તિ જોઈ તે ઘણો છક થયો હતો તેથી તે પોતાના અપમાનનો બદલો ઉપકારથી આપવા આવેલ પરન્તુ બન્ને ભાઇઓ વચ્ચે જરા ગેર સમજ રહે છે અને પછી શુક્તસિંહ અપકારનો બદલો ઉપકારથી વાળે છે.

દેખાવ—મરેલ ઘોડા પાસે ઉભેલો પ્રતાપ—જંગલમાં.

પ્રતાપ—ચેતક, ચેતક, ચેતના હીન ચેતક,
ગયો તું મ્હારા હૈયાની હામ।
પ્રભુ કર સહાય આત્માને
મલે ત્હેને સદા આરામ.
દુ:ખના ડુંગરે, સુખના સંગમાં
જ્યાં જ્યાં પ્રતાપ ત્યાં ત્યાં રહ્યા તું!
અંધાર એકાંતમાં ઉજવલ મેદાનમાં
ચેતક, ચતુર તું સાથે રહ્યો હું.
તે સ્નેહ, તે સ્નેહ આંસુ સરાવે

હૃદય ભરાવે-શોક કરાવે— (વિચારે છે)
શકે શું ધસારો દુશ્મનનો ! જોઇને)
અરે, આવે ભાઇ શકતો
દુશ્મનાઇ દાખવા દુઃખના સમે
ભાઇ આવતો કુલાંગાર આ મ્હણું !
(તલવાર કહાડી ઉભો રહે છે).

શક્ત—(પ્રવેશી)-ભીષ્મ પ્રચંડ યુદ્ધના
મેદાનથી નીકળી
પ્રતાપસિંહની પુઠે પડી
ભાળ મેળવતો આવ્યો.

મુગલ સ્વાર કરવા ખુવાર
મેવાડના સૂર્યને પુઠે પડ્યા હતા
કીધા પૂરા પહોંચાડ્યા જમદ્વાર
આવ્યો અહીં હું કરવાને જુહાર.

અહો, રાણો પ્રતાપ!
મેવાડનો નરમણી, સુરનો શુરમણી
શકતમાં શક્તિમાન, શો સુંદર લાગે છે!
વિપત્તિમાં વિજેતાની બુદ્ધિની બાહોસી
દેખાયે દુઃખમાં દયાતા ડુંગરે.
શકે શંકા લાવે પોતે-જઉ સ્થિર બની.
(નજદીક જઇ) મેવાડ રાજમણી !

પ્રતાપ— કુલાંગાર, દુરથી
વાત કર—કામ કહે.

શુક્ત—બદલો અપમાન મ્હારાનો
દેવા હું હાં આવ્યો
અને દોડી ઝપાટાથી
પાસ આવવામાં ફાવ્યો.

પ્રતાપ—ઉદયસિંહના ઉછાંછળા પૂત્ર,
સંગ્રામસિંહના પૌત્રને શરમ
શાને એ કામમાં ના આવે ?
બદલો, બદલો રજપુત ક્યારે દે?
જ્યારે યુદ્ધથી છુટા પડે.
ભાઇએ ભાઇની માફક બાથેબાથ રહી સાથે
કદા શત્રુ લ્હડે જોડે એ ક્ષત્રીની વડાઇ છે.

શુક્ત—ચૂક્યો નથી, ચૂક્યો નથી ક્ષત્રીનો ધર્મ હું ચૂક્યો નથી
સમય વિના હું આપની પાસ આવ્યો નથી.
બદલો દેવા સમય આજે યુદ્ધમાં છુટા પડે.

પ્રતાપ—એકાંત રાનમાં થાકથી થાકતાં
યુદ્ધના શ્રમથી હામને ભાગતાં
નિરાશના વાદળે હૃદય ઘેરાતાં
સમયે શરમ ના ત્હને આવતાં?

શુક્ત—શરમ! શરમ? શુભ કાર્યે શરમ શાની ?
પ્રતાપ— શરમ શાની?
સહોદર સ્નેહ વિસરવાની,
શત્રુ સાથ વસવાની,
ક્ષત્રીત્વ ભુલાવાની,

ધર્મ ત્યાગ કરવાની.

શુક્ત—સહોદર સ્નેહ વિસર્યો ? ના.
શત્રુ સાથ વરયો ? હા.
ક્ષત્રીત્વ ભૂલ્યું ન્હે ના
ધર્મ ત્યાગ થાગે ના.

પ્રતાપ—પડેલાને પાડવો તે ધર્મ ત્યાગ નહી શું ?
થાકેલાને મારવો તે ક્ષત્રીત્વ નાશ નહી શું ?
સહોદર સ્નેહ વિસાર નહી
ભાઇને હાઝથી હાબવો ?
યાદ રાખ પણ શુક્ત,
પડ્યો પડ્યો પણ છું હું સિંહ
ક્ષત્રી ધીર ન પાની ધરે
લ્હડે કરી કુળ શીર.
તૈયાર છું તૈયાર છું શુક્ત હું તૈયાર છું
લ્હડવા સાથ ત્હારી હું બદલો મેળવવા.
મરવું રખડી રવડી વનમાં
તેથી મરૂં નહી હું કાં રણમાં ? (તરવારથી તૈયાર બનેછે)

આવ્યો ફક્ત આપવા બદલો આપને
વિચાર નહી દંદનો સાથ આપ મ્હને. (હથીઆર નાખે છે)
શૌર્યના શુરવીરને હામના હિમ્મતવાનને
બદલો દેવાને આતુરતાએ શીર નમે.
નમું છું નાથ શીર મણી, મેવાડના મુકુટમણી,
દાસ આપનો અંહી પાય પડે છે

અપકારનો અપકારે બદલો ઘણો દેવાય છે
અપકારનો ઉપકારથી દેવો મહા મુસ્કેલ છે.
ક્ષત્રીયનો ધર્મ છે બદલો વાળવા
અપકારને ઉપકારથી ખુબ દાબી દાબવા. (નમે છે)

પ્રતાપ—શુકત, આ શું ?

શુકત—સ્નેહનો બદલો.

મ્હારા શિરમણી ભ્રાત, મેવાડના શુભ સૂર્યકાંત,
છતે હારે હલ્દીઘાટે નામના ત્હેં મેળવી છે.
સૌહાર્દ ભાવ ઉભરાતાં
ભેટ લેવા હું ધસ્યો
રસ્તે આવતા રોષથી
કાળ સર્પ બેને હું ડસ્યો.

પ્રતાપ—કોને ?

શુકત—આપ પુઠેના મુગલ સ્વારોને

પ્રતાપ—બદલાનો બદલો આ ભાઇ ત્હારા સ્નેહથી
રાણાના હૃદયને દબાવે પ્રેમથી. (ભેટેછે)
ભલે ખોયું રાજ્ય આજે લાભ મ્હોટો મળ્યો છે
ભાઈ જેવો ભાઇ આજે બદલાથી ફર્યોછે. (જાય છે).

૩

ગઢવીના ઘરના સમાચાર.

(વસ્તુ—ખેંગારજી ગઢવી પોતાનું ગામ છોડી ઘણા દીવસથી બહાર ગામ નીકળેલા છે. તેઓ દાયરામાં બેઠા છે તેવામાં તેના ઘરના સર્વનાશની ખબર લઇ તેનો વિશ્વાસુ રંગજો આવી પહોંચે છે. ગઢવી હબકી ન જાય તેટલા માટે રંગજો યુક્તિસર સઘળી ખરાબીની ખબર દે છે.)

દેખાવ—દાયરામાં ગરાશીયા.

ગરાશીયા. (અફીણ ખાતાં ખાતાં ગાય છે)

(અફીણ એક એકને પાય છે)

અભેસિંહ—કાં ખેંગારજીભાઇ હવે હુંગાનું શું કરવું?

ખેંગારજી—અફીણના હેવા કાંઇ હુંગા વિના રાખે?

લ્યો લ્યો આ જરા ફુલની પાંખડી.

લ્યો બાપુના હમ લ્યો, લ્યો—

(એક એકને આપે છે).

બાના હમ—બાના હમ.

અભેસિંહ—બાપુ, હવે હોકો તૈયાર કરવું?

ખેંગારજી—કરો બાપુ કરો. તેના વના કાંઇ ચ્હેન પડે!

હોકા, તારા પેટમાં પાણી, માંથે આગ

જાણે ગંગાજળ અને સૂરજનો તાપ—

હેંડ અલ્યા હોકા. ગાઓ ગરાસીઆ ગાઓ (ગાય છે)

હોકો હારો રે, લાગે પ્યારો રે.

પેટમાં તો જાણે ગંગા પડીને માથે ભરી છે આગ

લાંબી હરખી નેહ લાવીને મારી પાહે રાખ—હોકો હારો રે.

અરીણુ કહુંઓ મુજને ભાવે લાવો કોઇ આ વાર

આપુ તેને જે માગે તે કરૂં ના કાંઈ વાર—

આવો કોઇ જાઓ લગાડો ન વાર

તલપ જાય છે આજે મન મુંઝાય છે

સુઝ ન પડે લગાર રે હોકા વીના—હોકો હારો રે,

હગા કુટુંબી નહી કોઇ હંગી મારે મનથી આજ

જો પીવાડે હોકો મુજને, આપુ તુજને રાજ —હોકો હારો રે.

રંગલો—(પ્રવેશીને) ખમા, ખમા. બાપુઓને ખમા. ઘણી ખમા. મ્હારા બાપુઓને ઘણી ખમા—

ખેંગાર—અહો, અહો, રગલા કાં અ જ ભુલો?

રંગલો—મ્હારા બાપુના ખબર કહાડના—

કાં બાપુ મઝેકમાં— (ગળે ભેટે છે)

ખેંગાર—હા ભાઇ હા કાં ઘરના હમાચાર !

રંગલો—બધું હારી પેઠેમ છે. ઇશ્વરની લીલા લ્હેર છે. અને તેની બધે મ્હેર છે. પણ—ના, કંઇ નહિ.

ખેંગાર—હુ અલ્યા રંગલા બોલ તો ખરો બોલ તો ખરો ભાના હમ બોલ—

રંગલો—કાંઇ કહેવા જેવું નથી.

ખેંગાર—બોલ બોલ મ્હારી હોકલીના હમ બોલ બોલ આ બંધાણીના બોલ નહિ હાંભળે ?

રંગલો—આપણો બાઝીઓ કુતરો મરી ગયો.

ખેંગાર—બાઝીઓ કુતરો મરી ગયો? વાઘ જેવો ચપળ સહ જેવો શુરવીર, હાથી જેવો જોરવાળો; બાઝીઓ કુતરો મરી ગયો ? હેં રંગલા. ત્હેં કહ્યું બાઝીઓ કુતરો મરી ગયો. હેં શું બાઝીઓ કુતરો !? બાઝીઓ કુતરો !

રંગલો—હા (૨) બાઝીઓ કુતરો (૪) એક નહિ પણ લાખ વાર કહું છું બાઝીઓ કુતરો મરી ગયો (૨) કાં નવાઇ લાગી? મોત બધાને હરજ્યું છે.

ખેંગાર—હેં અલ્યા રંગલા તે હાથી મુઓ? ભાના હમ જો છુપુ રાખે ?

રંગલો—એતો જાણે-એતો જાણે

આપની ઘેડીનાં હાડકાં ખાઇને મુઓ.

ખેંગાર—મ્હારી ઘોડીનાં હાડકાં ! મ્હારી ઘોડીનાં? હેં અલ્યા રંગલા-ને તેને કયાંથી મળ્યાં ?

રંગલો—તમારી (૨) ઘોડીનાં-તે મુઇ એટલે તેને ખાધાં.

ખેંગાર -મ્હારી રવાલ ચાલ ચાલનારી ઘેડી મુઇ ! ઘેડી ? ઘોડી (૨) હું ઘેડી મુઇ ઘોડી (૨) (હું) (૨) ભાના હમ કહે તો હાથી મુઇ?

રંગલો—એ શાથી મુઇ-એ મુઇ ખાવા વિના—મમમમ તો જોઇએ ને મમમમ ?

ખેંગાર—અલ્યા ખાવાના વખા કેમ પડ્યા ખાવાના વખા ? ભાના હમ કહે તો ?

રંગલો—ચાર નહતી ચાર. ચાર વિના ખાય શું ધુળ?

ખેંગાર—તો ચાર ક્યાં ગઈ? મ્હોટી મંજીના મંજ બધી હતી
તે ક્યાં ગયા? કહેતો બાના હમ-મ્હારા હમ.

રંગલો—એ તો બધા વપરાઈ ગયા.

ખેંગાર—બધાએ વપરાઈ ગયા! એટલા બધા હાથી વાપર્યા?
અલ્યા રંગલા ત્હેં ઘર પણ ના સમાલ્યું? એટલી બધી
ચાર બાર વરસ ચાલે એટલી બધી વપરાણી? શેમાં
વપરાણી? મ્હને કહેતો બાના હમ બાના કહમ

રંગલો—એ તો મજીના કારજમાં વપરાઇ કારજમાં. બધી
પૂળીઓ ભાટને, ભાટડાને, વસવઈઆને, રસવઇઆને,
હજામોને બધાને, ટચો બા ટચો કહીને આપ્યા. પછી
શું રહે? શું? ઘોડી ખાસ શું ધૂળ.

ખેંગાર—અરેરે રંગલા, માજી પણ મૂઆં? અરે કાળમૂખા, તું
શું ખબર લાવ્યો? મારી માજી હાથી મુઆં? કહે તો
બાના હમ કહે તો?

રંગલો—માણસ મરે તેમ મૂઆં-મોતથી.

ખેંગાર—અલ્યા પણ જુવાન જોધ જેવાં માજી કેમ મૂઆં?
કાંઇ કારણ? કાંઈ તાવ, તરીઓ, ઉધરસ, ઉંટાટીઓ,
કાંઈ પણ થયું કે એમને એમજ મુઆં? મરજી આવી
ને મુઆં? કહે તો મ્હારા બાના હમ કહે તો.!

રંગલો—ઓ મ્હારા નધરોળ ગઢવી, એ તો મુઆં શોક લાગ્યો
તેથી-દીલગીરીથી-દુઃખથી.

ખેંગાર—અલ્યા કોના શોકથી કહે તો! બાના હમ કહે તો.

રંગલો—કોના શોકથી કેમ પૂછોછો! કુમારના શોકથી!

ખેંગાર—હેં, કુમારના હોકથી ! હેં તે પણ મૂઓ ? કહે કહે તો, બાના હમ મ્હારા બાપલીઆ, કહે બા કહે, બાના હમ ના કહે તો.

રંગલો—કુમાર તો મુઆ ધાવ્યા વિના

ખેંગાર—અલ્યા ધાવ્યા વિના મૂઆ ? હાચુ કહે છે ! બાના હમ કહે તો.

રંગલો—તો શું જુઠું ઝીસીએ છે? ધાવણ મળ્યું નહી એટલે મૂઆ.

ખેંગાર—અલ્યા એ હાચુ? તો ઠકરાળાએ ધવડાવ્યો કેમ નહી?

રંગલો—ક્યાંથી ધવડાવે ? હરગમાંથી ! એ તો સૌથી પ્હેલાં પહોંચી ગયાં?

ખેંગાર—તું શું કહે છે રંગલા? તે પણ મૂઆ ? તો રહ્યું કોણ ?

રંગલો—હું ને તમે બે. બીજા બધા ખલાસ. ખેલ ખલાસ ને બાબ તમામ. તમે શેઠ અને નોકર હું.

ખેંગાર—અરે રંગલા, ત્હેં મ્હને દુઃખના હમાચાર કહ્યા હો. પણ મૂઆ, પહેલેથી ભહવું તુંને કે આમ થીયું ને આમ થીયું. લાંબા લીપટા કર્યા પછી કહ્યું અને કહ્યું તો બધા હનાનના હમાચાર. (દીલગીર થાય છે.)

રંગલો—હમાચાર હોય તે દઉના? કાંઇ ઘરમાંથી લાવું ઘરમાંથી? પહેલા કહ્યું હોત તો હબકી જાત હબકી મ્હારા ગઢવી મહેરબાન.

ખેંગાર—અલ્યા ત્હેં આપણું ઘર ક્યાં સોંપ્યું? બધું ઠેકાણાહર રાખ્યું કે નાહી આવ્યો.

રંગલો—એ તો બધું સોંપી દીધું ઇશ્વરને.

ખેંગાર—એટલે !

રંગલો—એટલે, એટલે, એટલે એ કે લાલબાઇની ચોકી મુકી ચોતરફ અને અહીં આવ્યો.

ખેંગાર—લાલબાઇ કઇ? એ વળી કોણ મૂઇ છે?

રંગલો—એ તો હળગી ગયુ હળગી-લાલબાઇએ માલમીલકત ઘરેણા દાગીના બધુ ફૂ કરી નાખ્યું. અને ત્યાં તો છે હવે રાખનો ઢગલો. હમજ્યા મ્હારા મહેરબાન?

ખેંગાર—તો હવે હું શું કરીશ? હું પાયમાલ થઇ ગયો.

રંગલો—પાયમાલી દુશ્મનને આપણુ બે આનંદમાં
રહીશું જેમ રહેતાં એકમેકશું રંગમાં.

૪
સેવક ધર્મ સિદ્ધી.

વસ્તુ—દુઃખપર દુઃખ આવતાં સહનશીલ પ્રતાપની સહનશક્તિ વિસરાય છે. જીતવાની હામ હૃદયમાં ન રહેતાં કેશરીયા કરી મરવું કે મેવાડ ત્યાગી બીજે જવું તે વિચાર સભામાં મૂકાતાં પાછલી દરખાસ્ત મંજુર થાય છે. તેના આધારે મેવાડી સૈન્ય મેવાડ ત્યાગવા તૈયારી કરે છે તે દરમ્યાન ભામાશા પ્રતાપનો પ્રધાન આવી પોતાની મીલકત સુપરત કરે છે.

દેખાવ—જંગલના એક ભાગમાં પોતાના રહેઠાણના બારણા આગળ પ્રતાપ એકલો વિચારગ્રસ્ત જણાય છે.

પ્રતાપ—ભૂમી પોતાની ભૂમી પોતાની
એવી વાણી વદી દુઃખે દટાવું
અથવા ત્યાગી તે ભૂમી
દૂર સ્વતંત્ર રાજ્ય વસાવું ?
એ પ્રશ્ન આજની સભામાં થયો
અને સભાએ દૂર જવા નિશ્ચય કર્યો.
(અંદર જોઈ) વ્હાલી રાણી, ત્હારી શિક્ષાથી
સીસોદીઆની મતી સૂધરી છે
બાપાની બુદ્ધિએ ચાલવા
મેવાડ મુકી દૂર દેશ જવા
લાજ પરીઆની સમાળવા
એકમતે સૌ કબુલ થયા છે.

રાણી—વ્હાલા વિરમણી, શત્રુની સ્હે મહી
સદા રખડતા રહી—પ્રજાને નિરખવી
તે મૂકી પ્રજાને સુખી કરવા
યત્ન કરવા હામ ના બીડવી !
પ્રતાપ—સત્ય વચન ત્હારાં,
વ્હાલીની વિદ્વતાથી
પ્રતાપની જીન્દગી ઉજળી છે.
હોત ના વિદ્વાન રાણી તો
પ્રતાપે કાળી ટીલી હોરી હોત.
આર્યની આર્યા સલામત તું રહે
ઇતિહાસે લખાઈ અમરતા ધરે (રાણી જાય છે)
જેતસિંહ—(પ્રવેશી) મુકુટમણી મ્હારાણાની શિક્ષા શિર ધરી
રાજપુતો ભેગા મળી સજ્જ થઇ બેઠા છે, પધારો,
પધારો આપની આજ્ઞા સંભળાવવા
પ્રતાપ—વ્હાલા સલુંબ્રા
આ ભૂમી આ ભૂમી મ્હારી કહેવાતી તે
ત્યાગીને હા જાવું શલ્ય શું લાગે છે.
જેતસિંહ—ભૂમી નહી કોઇની જબરાની તે જોરૂ
એવું દેખી અંતરમાં હાય ખૂબ ભરાય છે.
સતી જે સત્યને માટે પરકર ત્યાગે પ્રાણ
ભૂંડી ભુમી ભુવનને આવે શત્ ધીક્કાર.
પ્રતાપ—સલુંમ્બ્રાની શિક્ષા ઠીક છે પરન્તુ જન્મ—
ભૂમીને માન હર હમેશ છે ચાલો હવે સજ્જ
બનો (બન્ને જાય છે.)

પ્રતાપ (પાછો ફરીને)—શુર સાંમતો. આગના અંગારા
નિરાશી દેખીને ત્યાગતા દેશને.
દોષ કર્મનો નહી પુરૂષાર્થનો.
પ્રતાપની ભૂમીને રામ રામ છે.
અરેરે રામ રામ ભૂમીને, મ્હારી જન્મ ભૂમીને,
જનેતા ભૂમીને!
હા તે કેવા હ્રદયને શોકથી ભરે છે?
મ્હારી ભૂમી, ત્હારા ચરણ ચૂમી
ગગનચુંબી કિર્તિસ્થંભ અમર બનાવ્યો
તે ભુમી વખતની વિપરિતતાએ
ત્યાગી અહહ જતું ? !
તેજ—તેજ હવે રસ્તો.
મ્હારી ભુમી જુહાર છે જુહાર !
ત્યાગી દેશ જાતું તે અંતરમાં અધીકું બળે
પરન્તુ ભાવિના લેખ નહી કદી ટળે.
પુરૂષાર્થ માનનાર પ્રારબ્ધને ધીક્કારનાર
કેમ આ માન્યતા સત્ય ના ગણે ?

(નેપથ્ય તરફે) શુરાઓ, કુચ કરો તૈયાર બનો
ત્યાગો ત્યાગો જન્મ ભૂમી તમારી.
સારો મા આંસુ—ગંભીરતાથી પળો
અને ઇશ્વરની આશીશ સર્વદા ફળો.

ભામાશા—ઇશ્વરની આશીશ સર્વદા ફળો
મ્હારા મહારાણાને ઇશ્વરની આશીશ સર્વદા ફળો.

પ્રતાપ—અહો ભામાશા ! અહીં ક્યાંથી ?

ભામાશા—આપના ચરણ ચુમવાને:
આપના નિશ્ચય ટાળવાને.

પ્રતાપ—એટલે પ્રધાનજી ?

ભામાશા—વિનવું આપને નિશ્ચય ટાળવા
અથવા દો રજા સાથ આવવા.

પ્રતાપ—ઘરબાર, રાજ્ય રચીશ્યાં ત્યાગી વૈરાગી
બનવા શાને વિચાર ?

ભામાશા—ઝલકાવનાર જગતમાં યશને દૂર ભાગતા
દેખીને ભામાના હૃદયમાં કેમ રહે શાંતતા ?
ભામાની કિર્તિઓ, ભામાની રિદ્ધિઓ
આપ રાજવીના નેક કદમ વડે.

પ્રતાપ—અમારા કુલની કૃપાઓથી મેળવેલા લાભ
અને જમાવો તમને સહી સલામત રહો.
સુખ ભોગવો દુ:ખમાં નહી દબાઓ;
મૂકો મૂકો ભ્રમણા ભામાશા સાથ ચાલવા.

ભામાશા—ચાહે તો આવવા રજા ઘો અથવા અહીં સ્થિરતા કરો.

પ્રતાપ—ભામાશા, મ્હારા એક દીલ નેક ટેકી
ભામાશા, કાં આપ જાણો ના
અધોગતી દેશની ? કાં આપ
જાણો ના સ્થિતિ અબલ પ્રતાપની ?
કાં આપ જાણો ના
શક્તિ અકબર શાહની ? આવા
સમામાં, આવા સંજોગોમાં આપની

આંગણી કેમ ખળાય ? ખાવાના
સાંસામાં ભૂખે રહી દુઃખ ખમે
મ્હારા સર્વ શીશોદીઆઓ—
મ્હારા સર્વે સામંતો !
તે કેમ ખમાય ? કેમ સંખાય ?
જઈશું દૂર દેશ સ્થાપશું રાજને
ઝલકાવશું કિર્તિને સુખ સૌ પામશે.

ભામા—સુખ સૌ પામશે પહાડી મેવાડમાં
સૌ રહેલ છે રાણાના હકારમાં.

પ્રતાપ—હકારમાં ? મ્હારા શા હકારમાં ?
જો મ્હારા હકારથી સૈન્ય સૌ બચે
જો મ્હારા હકારથી મેવાડ નામ રહે
જો મ્હારા હકારથી કિર્તિ સંઘરે
તો મ્હારા હકારને વિરોધ ન રહે.

ભામાશા—કૃપાવંત, મુરબ્બી રાણાજી, તો તે શરતે આપનો હકાર ખરા ?

પ્રતાપ—ખરો ખરો ભામાશા ખરો. ક્ષત્રીના વચનથી કહું છું તે ખરો.

ભામાશા—પેઢી દરપેઢીથી ગુલામ આપના
કૃપા રાણાની લીલા લ્હેરમાં
કંઈ જરા ભર્યું ગરીબ નિવાસમાં
ભામાશા ધરે આપના પાયમાં.

પ્રતાપ—(આશ્ચર્યથી) એટલે ભામાશા ?

ભામાશા—આપના પુણ્ય પ્રતાપે વડીલોની પ્રસાદીથી આ રંકના
ઘરમાં ધન ભર્યું છે. આપના લશ્કરના પચીસ હજાર
માણસને બાર વર્ષ ચાલે એટલું ભર્યું છે તે આ
સેવકે આપની આગળ ધર્યું છે. સૈન્ય બચશે, મે-
વાડ નામ રહેશે—કીર્તિ સંઘરાશે. સરતો પલાણી?
કેમ રાણાજીને કબૂલ?

પ્રતાપ—વચનથી બંધાયેલો રાણો તે કબૂલ કરે
નહી તો મેવાડનો પ્રતાપ નહી કદી કર ધરે.

ભામા—કર ધરવાના નથી આપનું છે આપ લ્યો છો.

પ્રતાપ—ધન્ય છે કૃતજ્ઞી, વીરમણી, રત્ન ચૂડામણી, સ્વદેશ સેવામાં-
રાજ્યની રીદ્ધીમાં ભામાશા જીવાડે છે મરેલ શું રાણાને।

ભામા—એમ કહો મા—એમ કહો મા.
અમાપ ઉપકારોનો બદલો ઉપકારે દીધો
સેવકનો સેવક ધર્મ સેવકે સિદ્ધ કીધો.

ટેબ્લો.

૫

બે લુંટારા.

વસ્તુ—મહાન્ અલેકઝાંડરના સમક્ષ થેરેસીઅન લુંટારાને લાવવામાં આવેલ છે. છુટથી વાત કરવાની ઇચ્છાથી લુંટારો કેટલીક વાતચીત કરી સંભાષણથી અલેકઝાંડરને ખાત્રી કરાવે છે કે તે બન્ને મ્હોટા અને સરખા લુંટારા છે.

દેખાવ—અલેકઝાંડર પોતાના ભભકામાં લશ્કર સાથે સિંહાસન ઉપર અને એક માણસ ભયંકર મ્હેરાવાળો હાથે પગે બેડીથી સીકડાયેલો તેની આગળ લાવવામાં આવે છે.

અલેકઝાં—છું શું તું થરેસીયન લુટનાર?
જેના વીશે હું આટલો માહીતગાર!

લુંટારો—છું હું થરેસીયન શુરવીર.

અલેકઝાં—શુરવીર !
ચોર, લુંટારા, ખૂની દેશના સીતમગાર,
હીમતવાન, વખાણું હીમત પણ ગુનેહગાર
ધીક્કારી શીક્ષા કર તુજ ગુનાહની.

લુંટારો—કર્યું શું મ્હેં જેથી ફરીયાદ કરો ગુનાહની?

અલેકઝાં—મારી સત્તા ધીક્કારી, પ્રજા શાંતી ઉકળાવી, જાત
મીલકત મારી પ્રજાની તુકશાને નાંખી નથી શું ?

લુંટારો—અલેકઝાંડર, હું તારો કેદી છું તેથી તારાં વચન સાંભળવાં

અને શીક્ષા માનવી પડશે. પણ મારો આત્મા અજીત
છે. જો જવાબ દઉં તો સ્વતંત્રતાથી દઈશ.

અલેકઝાં—છુટ છે બોલવાની.
કરૂં હું વાત જે સાથે લાભ શકતીનો તેમાં
દૂર રહે મારાથી ચુપકીદીમાં લેવા.

લુંટારો—તો તમારા પ્રશ્ન સામા પ્રશ્ન પુછીશ.
તમારી જીંદગી તમે કેમ ગાળી?

અલેકઝાં—વીરનર જેમ. પુછ કીરતીને સત્ય કહેશે.
શુરવીર વીરમણી, ભુપતીમાં ઉચ્ચ મતી,
વીજેતામાં શકતીમાન જીંદગી ગુજારી મ્હેં.

લુંટારો—અને શું? કીર્તી મ્હને નહી કહે!
તમારી સેનાની શુરતાથી મ્હાન
શુરવીરોમાં વીરમણી મારા સમાન
કોણ અને કેટલા?
ધીક્કારૂ આત્મ પ્રશંસા પરંતુ જાણો છો આપ પકડતાં
મુસ્કેલી?

અલેકઝાં—પરંતુ તોયે શું? લુટારો તું:
નીચ અપ્રમાણીક લુટારો છું?

લુંટારો—અને વીજેતા શું?
શું તમે દુરબુદ્ધિથી શાંતી અને ઉદ્યોગોનાં પકવ ફળ
બગાડવા પૃથ્વીઅટન કર્યું ના? ભુમીના ભાગ માટે,
અસંતુષ્ટ લોભ માટે, વિના નીયમે વિના ન્યાયે લૂંટફાટ,
ખૂન કર્યાં ના?
સો જેવી સંખ્યાથી લુંટયા પ્રાંતને અમે
લાખ જેવી સંખ્યાથી લુંટયા દેશને તમે.

ઝુંપડાં થોડાંઓ આગથી બાળ્યાં અમે
સામ્રાજ્યો, શહેરોને, ખંડેર બનાવ્યાં તમે.
ફેર માત્ર એજ છે રાજા જનમ્યા તમે
ગરીબ થયું હું તેથી મહાન લુટારા તમે.

અલેકઝાં— લીધું જો મ્હેં રાજા માફક
દીધું પણ મ્હે તે માફક.
બદદયાતી કીધી રાજ્યોની તો સ્થાપના કીધી મોટાની.
હુન્નર, વૃદ્ધી, ફીલોસોફી સ્થાપી મ્હે તે વીચારવું.

લુંટારો—અદ્ધર પાસે મેં લીધું, ગરીબને તે આપ્યું:
અતી ક્રુર માણસોમાં, રાજ્ય મારૂં મ્હે સ્થાપ્યું.
ફીલોસોફી નહી જાણું પણ જાણું આટલું
ખરાબી જગતની બન્નેએ જે કીધી
તેનો બદલો નહી અપાય.

અલેકઝાં—દૂર થા. લઇ લો જંજીર
અને કરો પરોણાગત ઠીક. (લુટારો જાય છે.)
અલેકઝાંડર અને લુટારો એક સરખા
જઇને વીચારૂં પૂર ધ્યાનમાં.

૬

ઉદારતાનો નમૂનો.

વસ્તુ—મહારાણા પ્રતાપને ભામાશાની મદદ મળવાથી મેવાડની ભૂમી ફરી ધમધમાવી શૈર્યતા બતાવતાં શહેનશાહ અકબર ઘણો ખુશ થયો અને તેથી રાણાને જાતે મળવાની ઇચ્છા થવાથી શુકતસિંહ મારફતે તેવા મેળાપની ગોઠવણ થઇ છે. કેટલીક આનાકાનીથી શુક્તસિંહ મેળાપ કરાવે છે અને શાહ અકબર મેવાડને નહી કનડવા અને હીંદુ તેમ મુસલમાન ધર્મ એક કરવામાં એક્તા કરવા વચન દે છે અને પોતાની ઉદારતા બતાવે છે.

દેખાવ—શુક્તસિંહના ઉતારાનો એક ભાગ—

પાત્રોઃ શુક્તસિંહ તથા અકબર.

શુકત—માનલોભી માનસિંહના કૃત્યનું ફળ આ
લાવ્યો જહાંપનાહને હું દેખાડવા.
સત્યના, શિયળના, ટેકના વડે
પ્રતાપ નામ અમર આ જગત્માં કરે.

અકબર—દેખીને ત્હેના ભાવો ખુશ હું બન્યો છું,
દેખીને ત્હેની રીતો દંગ હું થયો છું.
છું ઉત્સુક મળવાને મેળવ શુક્ત તું રાજને.

શુક્ત—ધર્મોની તડામારી બન્નેને જુદા કરે
નહી તો મહારાણો શુભ મિત્ર તે ઠરે

અકબર—હિન્દુ ને મુસલમાન ભાઇ કેમ બને
તે યત્ન મ્હારો તો સફળ કેમ થશે ?

શુક્ત—મેળાપ મહારાણાનો રાહ સૂઝાડશે
શહેનશાહને સૌ સાર બતાવશે.

અકબર—ઉત્કંઠા મળવાની ઘડી ઘડી વધે
શુક્તસિંહ ઢીલ તું કેમ હવે કરે ?

શુક્ત—હ્રદયની શંકાઓ જરા ઢીલ કરે.

અકબર—શંકાવાન થા માં બે તુખમનો નથી હું
કુરાનને માનનાર કુરાનના કસમ લઉં.

શુક્ત—સલાહ માનસિંહની લીધા વિના આપથી મળાશે! ?

અકબર—મહારા કામમાં કેમ તેનાથી વચમાં પડાશે?

શુક્ત—તો સબૂર—ધીરે ધીરે
આપના નેક કદમ જરા ધીરે ધીરે
આંખ બંધ કરો. આપ પ્રતાપને જુઓ
આપનો શત્રુ તે જુઓ પ્હણે ઉભો.

અકબર—નૂરે અલ્લાહી, નૂરે આલમ,
અહા શું તરે મુખ ઉપર તે
રાણા સાહેબ,—

પ્રતાપ—(પ્રવેશી) શહેનશાહ!

અકબર—શહેનશાહ પદે શહેનશાહ બન્યો
રાણા પદે રાણા બનો

પ્રતાપ—શાહ અકબર, શૌર્યતાના શોખીન,
ઉદારતાના એકકા—આપના ચરણથી ભૂમી આનંદે છે.
રજપુતોનો ધર્મ છે અતીથી સંતોષવા

સંતોષુ આપને જેમ યોગ્ય હોય.
પધારો.

અકબર—હેરત બન્યો વચનથી
હેરાન બનુ વર્તનથી
માનસીંહની મૂર્ખાઇએ
અધમ દશા આવી છે.
લઉ સોગંદ હું આજે કનડવા નહી મેવાડને
કરી એ યત્ન એકતાનો મળી આપણુ દોસ્ત બન્ને.

—ટેબ્લો—

૭

વિઘ્નમાં સંતોષ.

જગલો અને ભગલો બે વિઘ્નસંતોષીયા નીશાળીયા છે. તેઓ તેમના એક સોબતી ગીરધરને મળનાર ઇનામ માટે દીલગીરી બતાવે છે તેમાં એક સુબુદ્ધિવાન નરોતમ આવી કેટલાક પ્રશ્નો પુછે છે તેને તુચ્છકારી કાઢે છે. ગીરધર પોતાની ચીત્રેલી છબી પરીક્ષક કમીટીમાં પસાર કરવા મુકવા આવે છે અને તે મૂકી ગયા પછી બન્ને જણ તે ચીત્ર બગાડે છે. જેના પરીણામે ગીરધરને ઇનામ મળતું નથી. છતાં ગીરધરની સંતોષ અને ઉચ્ચમનભાવનાથી પરીક્ષક ખુશ થઈ પોતાનું ઘડીયાળ ઇનામ આપે છે જેથી બન્ને વિઘ્નસંતોષીઆ ઘણા બળે છે અને ઘડીઆળ ભાંગવા વિચાર કરે છે. મહેતાજી હકીકત જાણી જવાથી તે કામ તેમનાથી થતું નથી. છેવટે પેટ બળ્યા રહી દુઃખ પામે છેઅને જીવ બાળે છે.

દેખાવ—ચિત્રના કામનું પ્રદર્શન—

જગલો તથા ભગલો પ્રવેશ છે સ્હામ સ્હામેથી.

જગલો—હાય હાયરે, અલ્યા ભગલા !

ભગલો—ઓય ઓયરે, અલ્યા જગલા !

જગલો—અરે ભગલા, આતો સત્યાનાશ:

અલ્યા ગીરધર પામશે ઇનામ.
હાય હાયરે, અલ્યા ભગલા!

ભગલો—અરે જગલા, મ્હારૂ પેટ બળી જાય;
અંગમાં હાય હાય લ્હાય લ્હાય થાય.
ઓય ઓયરે, અલ્યા જગલા.

જગલો—અલ્યા બધા કામમાં પહેલો નંબર
અને બધા કહેતા વાહ્ વાહ્ વાહ્
સાંભળી મ્હારા અંતરમાં થાય હાય હાય હાય

હાય હાયરે અલ્યા ભગલા.

ભગલો—જગતમાં રૂડુ દેખી કાંઈ ના ખમાય
ભુંડા સઘળા ભુંડા થાયે તોજ સારૂ થાય.
ઓય ઓયરે અલ્યા જગલા.

જગલો—રોતા જન્મે રોતા મરે રોતા ફરે નહી
તો આખી દુનીઆમાંથી બાજી દૂર ગઈ.
એ આપણો નિશ્ચય અલ્યા ભગલા.

ભગલો—બાંધી મુઠે જન્મી બાંધી મૂઠે મરે
તો બાંધી મૂઠે નીત્યે શાને કહો ના ફરે?
એ આપણો નિશ્ચય અલ્યા જગલા.

જગલો—તો આવ ભાઇ હરખા આપણ બન્ને સરખા
મ્હારૂ નામ જગલો ત્હારૂ નામ ભગલો
ભલી લગાવીશું ભવાઈ—ચાલ ભગલા (૨)
ચાલ ભગલા (૨) ચાલ ચાલ ભાઈ—
ભલી ભજવીએ આપણે ભવાઇ.

નરોત્તમ (આવીને)—અરે ભગલા જગલા આ શું ધીંગા મસ્તી?

ભગલો—હાય હાયરે અલ્યા જગલા.
જગલો—હાય હાયરે અલ્યા ભગલા.
બન્ને—ઓય ઓયરે બાપલીઆ ! (બન્ને બેઠે છે)
નરોત્તમ—ઓ મૂર્ખાઓ આ શા ઢોંગ માંડ્યા ?
અને શેના ચેડા કહાડ્યાં ?
ભગલો—અરે ઓ ભૂતના ભાઇ, કેમ ના દીલગીર હું થાઉં
પેલો ગીરધર ઇનામ લઇ જાય.
હાય હાયરે અલ્યા જગલા.
નરો—તો શું તે પરીક્ષામાં તમે ચીત્ર ચીત્ર્યું છે ?
જગલો—અરે ના ભાઇ ના અમે કોઇએ મુકયું નથી
પણ પેલો ગીરધર ઇનામ લઇ જાય
હાય હાય અલ્યા ભગલા.
નરો—સારા કામને સારો બદલો મળે
તેમાં તમે કેમ દીલગીર થાઓ છો ?
ભગલો—તેને મળનારા ઇનામ માટે.
જગલો—તેને થનારા લાભ માટે.
ભગલો—તેના સરસ કામ માટે.
જગલો—તેના રૂડા નામ માટે.
નરો—કાંઇ પેટબળ્યા જણાઓ છો પેટબળ્યા.
બન્ને—જા જા પેટ બળ્યા, તું પેટબળ્યો
અમે વિઘ્નસંતોષીયા.
નરો—કરો તમારૂં કામ વિઘ્નસંતોષીયા. (જાય છે).
ભગલો—આમ આવ અલ્યા જગલા.
જગલો—શું કહે અલ્યા ભગલા.

ભગલો—જો પેલો ગીરધર આવતો જણાય છે
તેનું ચીત્ર હમણું મુકશે અને જશે
પછી આપણુ તે બગાડશું

જગલો—હા હા યાર.

ભગલો—દોસ્ત વફાદાર. (તાલી દે છે).

જગલો—ચૂપ, સાવચેત—છૂપા. (છૂપાય છે)

ગીરધર—(પ્રવેશ) પરીક્ષક કમીટીએ ચીત્ર પાસ કર્યું
અને વધુ ફરી નીરખવા આજ આવશે
તો તે ચીત્ર અહીં ઠેકાણે મૂકું
અને પછી જરા આરામ લઉ. (મૂકીને જાય છે)

જગલો—(કુદી આવીને) હાશ હાશ ભગલા.

ભગલો—(કુદ તો) હા, હા, જગલા.

(બન્ને ધીરે કદમે દબાપાંઉ ચીત્ર પાસે જઇને હાથમાં લેછે.)

જગલો—અરે જો ભગલા શું બગાડશું?

ભગલો—તેનું નાક લાંબુ કરશું.

જગલો—માથે ટોપલી મુકીશું.

ભગલો—અને ગળામાં માળા મુકીશું.
(તેમ કરી ઠેકાણે મૂકી છુપાઈ જાય છે).
(પરીક્ષક કમીટીના સભાસદો બધાં ચીત્રો જોતા જોતા આવે છે.)

પરીક્ષક—ચીત્ર ગીરધરનું મ્હને લાયક લાગે છે.

મહેતાજી—જી મ્હને પણ એમ લાગે છે
આપ જરા જુઓ.

પરીક્ષક—(જોઇ) અરે આ તો ત્હેને બગાડયું લાગે છે.
કયાં છે ગીરધર ?

ગીરધર—(પ્રવેશી સલામ કરી ઉભો રહે છે).

પરીક્ષક—આ ત્હારૂંજ ચીત્ર, ગીરધર !

ગીરધર—જી હા. પરન્તુ કોઇએ બગાડયું દેખાય છે !

મહેતાજી—ત્હને કોઇના ઉપર વ્હેમ આવે છે ?

ગીરધર—કોના ઉપર વ્હેમ લાવું સાહેબ ?
જેણે બગાડયું હશે તેને ખબર !

પરીક્ષક—ગીરધર બગડેલા ચીત્ર સારૂ ત્હારૂં ઇનામ જશે!

ગીરધર—ભલે જાય—બીજો જે પહેલે નંબર આવે
તેને આપો.

પરીક્ષક—ત્હારી મહેનત અફળ જશે.

ગીરધર—ફરીથી ચીત્રીશ, સરસ બનાવીશ.
આજ નહી તો ફરી ઇનામ મેળવીશ
ધૈર્યને ખંત ડુંગરા ત્રોડી શકે છે.

માસ્તર—ત્હને કોઇના ઉપર વ્હેમ હોય તો કહે
ત્હેને શીક્ષા થશે.
અને સાબીત થતાં બડું ઇનામ તું મેળવશે.

ગીરધર—મ્હારે વ્હેમ લાવવા પ્રયોજન નથી.
ઇશ્વર ત્હેનું સારૂ કરો.
બગાડનારનું બગાડવું તે ઇષ્ટ નથી.

પરીક્ષક—ગીરધર, ગીરધર. ત્હારી ઉચ્ચમનભાવનાથી
હું પ્રસન્ન થઉં છું.

દીલગીર છું હું તને ઇનામ આપી શકતો નથી
પણ લે આ ઘડીઆળ મ્હારી ભેટ કરૂં છું.
ઇર્ષ્યાને અળગી કરે, મચે પોતાને કામ;
તે જન નીશ્ચે પામશે ધન, તન બળ, આરામ.
(ઈનામ બાદ સૌ જાય છે).

ભગલો—(દોડી આવી) હાય હાયરે અલ્યા જગલા
ઓય ઓયરે બાપલ્યા.

જગલો—હાય હાયરે અલ્યા ભગલા
ઓય ઓયરે બાપલ્યા.

ભગલો—અલ્યા જગલા, આ તો ઇનામથી ડબલ મળ્યું ડબલ.

જગલો—અલ્યા ભગલા, લાગવગ લગાવી
લાગવગ ચાલ તેને લુંટી લઇ
ઘડીઆળ ફોડી નાંખીએ.

માસ્તર—ઉભા રહો, ઉભા રહો, લુચ્ચા ભગલા જગલા
તમારી વાત મ્હે સાંભળી છે.
કમબખ્ત હરામીઓ, ચાડીઆઓ, લુચ્ચાઓ
તમે આ ચીત્ર ખરાબ કર્યું છે.

નરોતમ—(પ્રવેશી) જીહા તે બન્નેએજ ખરાબ કર્યું છે.

માસ્તર—તમને શીક્ષા વિશ્વસંતોષીઆ,
શી કરવી તે સુઝતું નથી?
જાઓ, દૂર જાઓ-શરમાવો-કાળુ કરી જાઓ.

જગલો—(સ્વગત) અલ્યા ભગલા હવે શું કરીશું?

ભગલો—અરે ઝેર ખાઈ મરીશું ચાલ તો ખરો.

જમલો—પેટનો બળ્યો ગામને બાળે
પણ તું તો આપણને મારે.
ભગલો—અરે ચાલ ચાલ જગત્માં જીવવાનું કામ શું
જો આપણા જીવ ના બળે—

૮

કેન્યુટ અને તેના ખુશામતીઆ.

વસ્તુ—ઈંગ્લાંડના રાજા કેન્યુટને તેના હજુરીઆઓ વારંવાર ઘણાં વખાણ અને વડાઈખોર વચનો કહેવાથી તેમને પુરતી સમજ આપવા દરીઆકિનારે બેઠક ગોઠવે છે અને ચર્ચામાં દરીઆને હુકમ કરી થાંભવા કહે છે. પરન્તુ તેના ઉછાળાથી સઘળા ભીંજાતાં કેન્યુટ ઠપકો દેઇ તેઓની મૂર્ખાઇ બતાવે છે.

પાત્રો—કેન્યુટ .. ..ઈંગ્લેંડનો રાજા

ઓસ્વાલ્ડ }
ઓફા } .. ..ખીજમતગારો.

સમય દરીઆ ઉપર ભરતીનો.

કેન્યુટ—હાજરીન, સત્ય શું એ કહેવું કે હું સામર્થ્યવાન શહેનશાહ? હજારવાર તમારા તેવા ઉદ્ગારો મેં સાંભળ્યા.

ઓફા—હાં જીનાબ આપ સર્વ ભૂપતિના શક્તિમાન સરદાર.

ઓસ્વાલ્ડ—અમો ગુલામ આપના પાય ચુમનાર.

ઓફા—ફક્ત નહિ અમો સર્વ તત્વ આ
પૃથ્વી અખૂટ ને સર્વ દરીઆ
આપના ગુલામ પાય ચુમનાર

કેન્યુટ—શું આ સમુદ્રના તુફાનગર્જીત મોજાઓ

સંસારનું ભયાનક તત્વ
મારી આજ્ઞા માનશે ?

ઓફા—જરૂર શીર નમાવશે.
તરંગો તેનાપર વહાણ આપનાં લાવવા
ધસડવા પૃથ્વિના સર્વ રત્ન ઢગલા આપના પાયમાં
પરમાત્માએ સરજ્યો તે
શત્રુનો શત્રુ તે રાય આપને ગણે.

કેન્યુટ—શું ભરતી વેળા થઇ ?

ઓસ્વાલ્ડ—જી હજુર ઉછાળા જોવાય છે.

કેન્યુટ—લાવી ખુરસી મુકો રેતીપર.

ઓફા—જહાંપનાહ, જ્યાં ભરતી આવતી દીસે તે પર ?

કેન્યુટ—અવસ્ય ગોઠવો ત્યાં.

ઓસ્વાલ્ડ—(સ્વગત) ન ધારી શકું તે શું કરે ?

ઓફા—(સ્વગત) મૂર્ખ નથી તે આપણું કહેણું સાચું ગણે.

કેન્યુટ—શક્ત સમુદ્ર, તું મ્હારી પ્રજા છે.
મ્હારા ખીજમતગાર તેમ ગણાવે છે,
અને તારી ફર્જ છે આજ્ઞા માનવા:
આપું છું હું આજ્ઞા આ રાજદંડથી.
તને ત્યાંથી પાછા નાસવા.
વાલ પુંઠે ઉભરાતા મોજાઓ
રખે તારા સ્વામીના પગથી ભીંજાય.

ઓસ્વાલ્ડ—(સ્વગત) રાજ્યશિક્ષા સમુદ્ર કાને નહી ધરે.

ઓફા—અરે, જુવો ભરતી જલ્દી ભરે.

ઓસ્વાલ્ડ—વધુ મોજુ ખુરશીપર આવશે

અને ખારે પાણીએ ભીંજાવશે.
થોભતું મૂર્ખાઈ છે.

કેન્ચુટ—શું આજ્ઞા પળાય છે?
જો તે મ્હારી પ્રજા તો છે તે બંડખોર
જો અથડાયે મોજા કરીને જોર
અને પવિત્ર રાજાને ભીંજાડતા
દૂર દુષ્ટ ખુશામતીઓ દૂર થાઓ,
મ્હોં છુપાવો-ભાગી જાઓ.

૯

આંખોનું લ્હેણું.

વસ્તુ—ઈંગ્લંડના રાજા જોનના ભત્રીજા આરથરની આંખો ફોડવા હ્યુબર્ટ નામના પુરૂષને મોકલે છે જે પોતાના કડક મીજાજથી કામ પાર પાડવા નિશ્ચય કરી આવેલ છે છતાં કુમારના હૃદયવેધક શબ્દોથી તે પોતાનો નિશ્ચય ત્યાગે છે.

(શેકસપીયર–કીંગ જોન)

હ્યુબર્ટ ને બે નોકર પ્રવેશે છે.

હ્યુ—તપાવો ગરમ આ શળીઆ અને રહો અટારીપર
દોડી આવો તમો જ્યારે પછાડું પગ ભૂમીપર.
અને બાંધો બાળકને જુવો મારા સાથેનો
ખુરશીની સાથે. સમાલો, જાવ—અને જુવો.

પહેલો—ઈચ્છું કુશળ કામ આપનું.

હ્યુબર્ટ—દૂર વહેમ વસે—ધ્યાન રાખવું. (બે જાય છે)
કુમાર, આવ બ્હાર વાતપર ધર ધ્યાન.
(આરથર પ્રવેશે છે.)

આરથર—ગુડ મોરો હ્યુબર્ટ.

હ્યુબર્ટ—ગુડ મોરો કુમાર.

આરથર—કુમાર! ઉપાધી કુમારની ખરી!
બની શકે તેટલો કુમાર!
હ્યુબર્ટ, છો તમે દીલગીર?

હ્યુબર્ટ—નહિ, નથી હું ગમગીન.

આરથર—વિના મારા નહિં કોઇ હોય ગીરફતાર
એવી મારી ધારણા હતી બેવિચાર
છતાં મેં દીઠા ફ્રાન્સમાં ઘણા
રજની શોક ધરતાં કામના વિના.
કેસમ ક્રાઇસ્ટના જો હું કેદ બહાર જઉં
ચારી મેંઢાંને સુખનો સ્વાદ લઉં
આનંદ અહિં ગણું ખરો પણ સતાવવા
કાકા યત્ન આદરે.
છે શું હું છું જ્યોફ્રેનો પુત્ર તે મારો ગુન્હો?
નહિંજ, ખચીત નહિંજ. હ્યુબર્ટ, હ્યુબર્ટ, ઇશ્વર પાસે માગુ છું ને ઇચ્છું છું જો હોત દીકરો તારો તો તમે મને કેવા પ્રેમથી ચાહત?

હ્યુબર્ટ—(સ્વગત) મરેલી દયા લાગણી રખે તેના વચનથી
નવ જીવે જાગ્રત બને વાત તેની નરમથી.
તુરત બની કરી દઉં કામગીરી માહરી.

આરથર—હ્યુબર્ટ, છે શું શરીર તમારૂં કાંઇ બગડેલું? કેમ દીલગીર જણાઓ છો?
હ્યુબર્ટ ઇચ્છું છું હું કે તમે માંદગીમાં રહો જેથી બતાવી શકું કે તમો મને ચાહો છો તેથી અધિક હું ચાહું છું.

હ્યુબર્ટ—(સ્વગત) હૃદયને જીતતા શબ્દ તેના!
(પ્રકાશ) કુમાર, વાંચ આ લેખ.
(સ્વગત) મસ્તિકનાં મૂર્ખ તોફાનો

ધિક્કારયુક્ત કર્કશ વિચારો દૂર કરે !
દુઃઠાણુમાં પતવું. રખે હરાવ મારો નારીનૂર
આંસુથી આંખથી ઝરે.

(પ્રકાશ) વાંચ્યું કે કુમાર ? અક્ષર ઓળખ્યા ?

આરથર—પૂરૂં વાંચ્યું. નિર્દય કામ માટે અક્ષર ખુલા છે.
હ્યુબર્ટ ગરમ સળીયાથી આરથરની આંખ બાળશે !

હ્યુબર્ટ—કુમાર તેમ થશે.

આરથર—અને તમે બાળશો ?

હ્યુબર્ટ—તેમાં સવાલ શો ?

આરથર—એમ કામ ચાલશે ? હ્યુબર્ટ, હ્યુબર્ટ તારૂં જરા શિર
દુખતાં કુંવરીના વણેલા સરસ રૂમાલને તારા માથાની
આસપાસ બાંધતાં મને જોયો છે.
તેવા રૂમાલને મેં તે આગળ તુચ્છ ગણ્યો છે.
તારા દુઃખને દુર કરવા આ હાથેથી તારૂં શિર દબાવ્યું છે.
જેમાં ઘડીયાળની મીનીટો કલાકને જેમ
નોકરી આપે તેમ નોકરી આપી છે.
"શું જોઇએ ?" "કાં દિલગીર ?" "કંઇ ઇચ્છા ?"
વિગેરે સવાલોથી તારી નોકરી બજાવી છે.
ગરિબીમાં જીંદગી ગાળનારને કેટલા
કેટલી મદદ કરે છે તે વિચાર.
યાદ રાખ તારો વિશ્વાસુ રહ્યો હતો આ કુમાર.
મારૂં હેત બહારનું–દેખાવનું હતું એમ ભલે ધાર
અને હું તર્કટી રીતે પ્રેમ બતાવતો હતો એમ ભલે ધાર.
મને કહે કે તું મારી આંખો

જેણે કદી પણ ભૂત કાળમાં
તારા સામો ગુસ્સો કર્યો નથી
જે ભવિષ્યકાળમાં તારા સામે ગુસ્સો કરશે નહિ
તે તું ફોડીશ ? બોલ.

હ્યુબર્ટ—લોખંડના તપાવેલા સળીઆથી બાળવા
આંખને સોગંદ છે.

આરથર—કળિયુગના પાસ વિના
નહિ તું તેવી હિમ્મત ધરે
સાંભળ તારૂં તપાવેલું લોઢું
આંખ આગળ આવતાં
અશ્રુથી પલળતાં
તપ્ત તાપને શોશષે.
દીન જતાં તે મારે માટે અગ્નિ ઉપર રહેવાના
કારણના લીધે ખુબ કાટે સડશે.
હ્યુબર્ટ કદી આકાશથી દેવદૂત ઉતરી મને કહેત
કે હ્યુબર્ટ, મારી આંખ ફોડવા આતુર બનશે
તો હું માનત ના. પણ જ્યારે તારા મુખથી સાંભળું છું
છતાં ઇચ્છું છું કે તું આ લોખંડના સળીઆથી વધુ
હઠીલો નથી.

હ્યુબર્ટ—(પગ પછાડી) આગળ આવો (માણસો આવે છે.)
કરો હુકમનું કામ.

આરથર—બચાવ, બચાવ, હ્યુબર્ટ, બચાવ મને.
આ ભયાનક દેખાવવાળા
દુષ્ટ પિશાચી મુખવાળા

મનુષ્યોના આગમને
મારી છતી આંખે આંખ ફુટી છે.

હ્યુબર્ટ— દો મને તપ્ત સળીઆ
અને બાંધો આને હ્યાં.

આરથર—હ્યુબર્ટ, થા ન તું બહુ ક્રુર
નહિ પડું નહિ પડું વચ્ચે હું તારા કામમાં
રહીશ સ્થિર હું અહિજ આરામમાં.
ઈશ્વરના માટે હ્યુબર્ટ મને બંધાવના.
સાંભળ, મારી આ નમ્ર યાચના
દૂર કર આ તારા સાથિઓ
અને હું ઘેટા માફક નમ્ર બની
હાલીશ નહિ, ધ્રુજીશ નહિ, શબ્દ એક પણ કહિશ નહિ.
નહિં કદી ક્રોધથી હું એક શબ્દ કહું.
નિકાલો આ મનુષ્યોને દઈ ક્ષમા દિલથી સાચા
કરાશે કૃત્ય કચરવાનાં તારાથી સામે મારા.

હ્યુબર્ટ—જાવ દૂર થોભો, એકાંત દો.

પહેલો—ક્રુર કૃત્યથી દૂર જાતાં સંતોષ મળ્યો.

(બંને જાય છે).

આરથર—નમ્ર હૃદયી—પરંતુ કઠોર દેખાવમાં,
કાઢયો મિત્રને અહિંથી દૂર જવા.
આવવા ધો પાછો તેને
સંભળાવે દયાની જીંદગી.

હ્યુબર્ટ—કુમાર, થા તૈયાર આંખ છેદવા.

આરથર—નથી ઉપાય કાંઇ ઉગરવા ?

હ્યુબર્ટ—નહિં આંખ ખોવા શિવાય.

આરથર—અરે પ્રભુ!

હોય જો આનામાં શુદ્ધી અણુભર ઇશ્વરની
તો ભાગે જરૂર આ વિચાર ક્રુર અને ધાતકી.

હ્યુબર્ટ—આ તારૂં વચન? બોલવું બંધ કર.

આરથર—બે આંખોને માટે જીભ આજીજી વદે
તે જીભને નહિં તું ના, ના, ના કહે.
આંખને બદલે જીભ લે
આંખને ટકવા દે.
તારા મુખ જોવાને
નહિં બીજાને માટે.
જો થયા સળીયા ઠંડાગાર
હવે કેમ થશે તે દુઃખ દેનાર?

હ્યુબર્ટ—હું તપાવી શકીશ કુમાર.

આરથર—અશક્ય છે તે બનવાનું.
સુખ માટે સર્જેલો દુઃખ માટે વપરાતા,
દિલગીરીમાં આવીને જોયો અગ્નિ ભૂજાતાં.
દયાવાન આતશને પવનના ફુંફાટાથી
સહાય દઈ હોલવી રાખ પશ્ચાતાપની બનાવી.

હ્યુબર્ટ—પરંતુ મારી ફુંકથી સતેજ બનશે.

આરથર—સતેજ બનશે તને ધિક્કાર આપવા
શરમિંદગી થકી બહાર આવતાં
પાળેલ શ્વાનને કોઈ ઈચ્છા વિના
લડાઇમાં મોકલે

પ્રાણદાન જેમ સ્વામીને મળે,
તેમ કેમ ના ગણે? તને આંખને સતાવે?
દયાહિન ગણેલાં જે આગ ને ઓજારો
નકારે છે તારી આજ્ઞા
દયા કેમ તેટલી તને આવે ના?

હ્યુબર્ટ—તારા કાકાના ભવ્ય ભંડારમાંથી
મળનાર નાણાં ને ધિક્કારી
તારી આંખ નહિં લઉં—જા જીવ;
પરન્તુ આ ઓજારોની મદદથી
તારી આંખ ફોડવા મેં સપથ લીધા હતા—સોગંદ લીધા
હતા તે વિસરીશ.

આરથર—હવેજ તું હ્યુબર્ટ એમ દેખાય છે.
તારા ગુણો આ અગાઉ ઢંકાયેલા હતા.

હ્યુબર્ટ—બસ વધુ નહિં. ખલાસ.
તારા કાકા જાણશે તે જીવન ત્યાગ્યું છે.
આ ચાડીઆઓને બરોબર ખબર દઈશ
ઉંઘ તું નિંદ્રામાં સ્વસ્થતા ધારીને
જગતના ધનને માટે હ્યુબર્ટ દુઃખ ના દઈ શકે.

આરથર—પાડ પ્રભુનો,—ઉપકાર હ્યુબર્ટનો.

હ્યુ—બસ ચુપ હવે, ચાલ અંદર તું
લઉં ભારી ભય તુજ માટે હું.

૧૦

પાજી નવાબ.

(પાજી નવાબને એક સોદાગર ઘોડા વેચવા આવે છે તે ઘોડાની કીમત આપતાં દરમ્યાન તેમની જ્ઞાનશક્તિનો ચિતાર બતાવેલ છે. રાજ્યના જુલમને કાન ન દઈ પોતે બેવકુફીમાં બેહુદી બતાવે છે તેનો ચિતાર.)

દેખાવ—જનાનખાનાની બ્હાર દીવાનખાનામાં વેશ વગરના વિચીત્ર રીતના બેઠેલા નવાબ સાહેબ અલેકારો સાથે ખુશ મીજાજમાં.

નવાબ—અહલેકારો સબકુ બુલાવ, તાજ પહેનાવ, સબ હાજર હો જાવ, દરબાર સજાવ, પાંઉ દબાવ. (તેમ થાય છે)

નકીબ—હજુર, એક સોદાગર ઠેર રહા હય—આનેકી મંજુરી ચાહતા હય.

નવાબ—આને દો, કયા ઘોડે લાયે ઔર ગદ્ધે. આને દો, આને દો, કયું દેર લગાતે હો ? (સોદાગર પ્રવેશે છે)

સોદાગર—બંદગી, નવાબ સાહેબ, બંદગી. મયેં સોદાગર હું. અચ્છે ઘોડે લાયા હું. નઝર કરૂં.

નવાબ—કયસા અચ્છા ઘોડા સૌદાગર-મુઝે તારીફ સુનાવ તારીફ.

સોદાગર—વો ઘોડેકી તારીફ જબાં ન કર શક્તી હય. ઉસ્કા ખું અયસા તેજદાર હય-ઉસકા ચાલ અયસા જોરદાર હય જીસકા જોડા સારી જહાન્મે ન મીલે. હીમાલયકા પહા-

ઠસે ઓ ઘોડા ગીરાથા ગંગા નદીમે ગીર કે સમુદ્રમે ચલ ગયા થા વાંસે બી ઓહી આપસ ભાગ આયે-જોરસે આયે અયસા તિલેસ્માતી ઘોડા.

નવાબ—તિલેસ્માતી ઘોડા હય, તિલેસ્માતી ઘોડા. તો જરૂર અયસા રખના હી ઠીક હયે. કયા ઉસકા બાવા બપાવા ઓર નના દદા ચચા અયસા તાજુબીકા થા જીસ્સે અયસી તિલેસ્માતી પયદા હુઇ?

સોદાગર—હજુર ઓ અયસા બાત હય ગોયા પસીનેસે માંકડ પયદા હો સકતા હય અયસા વોહી પયદા હુવા હય. ઉસકા અમાકા પસીનાસે પયદા હુવા હય-એ હેરત હય.

નવાબ—બેશક હયરત હય, અહેલેકારો કયું!

અહલેકારો—હાં હજુર, જી જીનાબ બરી હયરત-બરી હયરત.

નવાબ—બંદે સોદાગર, દેખ મયે સોદા કરૂં. કયા દામ લેયગા?

સોદાગર—ઉસકા દામ બહુત નહી હે. હજુર ચાહે સો દે.

નવાબ—અમેરી મુન્સફી તેરેકો કયા દીલવાયગી? બોલ?

સોદાગર—આપ કદરદાન હો. આપ મહેરબાન હો.

નવાબ—મયે કદરદાન હું, મયે મહેરબાન હું. લેકીન અયસા હય જો આતા હે અમેરી પાસ ઓ નાખુશ હોકે જાતે હય કયોં કે અયસા હોતા હે ઉસકી મુરાદ બર આનેકી બડી મુસ્કેલી આ જાતી હય ઓર અમેરા એક બડા અમલદાર ગરબડ કરનેકા ઇરાદા રખતા હય. વયસા હોને કે લીયે આપકુ મયે વયસા બોલતા હું. આપહી દામ બોલો.

સોદા—હજુર કા ફરમાન મે શીરપર ઉઠાતા હું લેકીન

સારે આલમ ભી ઢુંઢો અયસા માલ નહી મીલનેકા.
આપકા મુરાદ કે લીયે મેં પચાસ રૂપીયા લઉંગા.

નવાબ—મેં પચાસ નહી દઉંગા એ બ્હોત જાસ્તી હય. બ્યાજબી રાહસે મંગનેસે તુમારી બાત મનાયેંગી.

સોદા—આપકા ફરમાન ક્યા? હજુર દામ બોલે.

નવાબ—હજુર બોલે? હજુરકી ઇચ્છા હય તુમકુ સો રૂપીયા મીલે. સોસે જાસ્તી નહી મીલેગા પચાસ મેં નહી દઉંગા.

સોદા—જયસી હજુરકી મુન્સફી. હુકુમ ફરમાઇએ. ઘોડા આપ કે તએલેમે રખનેકી મજુરી દીલવાઇએ.

નવાબ—અચ્છા નકીબ હાજર કરો ઓ સોદાગરકુ દીવાન સાહેબ કે હજુર ફરમા દો ઉસકો સો રૂપીએ દેનેકા ઓર ઘોડેકી તજવીજ કરનેકા. (બન્ને જાય છે)

નવાબ—ક્યું નકીબ અબી કયોં કુછ ફરીયાદ નહી આઈ? બીના ફરીયાદ ધંદા જાવે ઓ કયસા કમબખ્તીકા દીન!

નકીબ—હજુર ફરીયાદ કે લીયે એક હજામ ખડા હય.

નવાબ—આને દો ઇધર.

હજામ—(સલામ કરી ઉભો રહે છે)

નવાબ—ક્યું હજામ, ક્યા ફરીયાદ હય?

હજામ—ફરીયાદ આપજી શી કરૂં? આપકા ફોજદાર સાહેબ અપના ઉપર બહુ જુલમ ગુજારેસે બાપજી ઘણા દીવસ થયા મેરેકુ હજામત કરવાઇ લેકીન પૈસા નથી આપતા હે.

નવાબ—તુમ કમબખ્ત આદમી હય. એક અમારા ફોજદાર ઓ ન દેવે પયસા હજામતકા ઓ હો કે કયસા? તુમ જુઠે હો. દેખા તુમ સચ્ચા હોવે તો ઇસકા બાલ લાવ. મુંહપર

લગાવ દેખ માફકસર હોતા હય. જાઓ. જલ્દી શીરકા કટા હુવા બાલ લાવ.

હજામ—કયું સાબ એ ચ્યમ બનનેકા હયે. ? માથાકા બાળ કાંઇ પટારેમેં હમ નહી રખતા છીએ. પીછે આપ ફરમાઓ તો બાપજી અમો આપ ગુલામ તાબેદાર હે. આપ ફરમાવો તો પછી ચ્યમ કરીએ? હવેથી નહી બોલુ.

નવાબ—અચ્છા જાવ. બાલ લાવ મગર તું બાલ નહી લાયગા તો તેરેકું જીંદા જલાઉંગા. હાથીકે પાંવસે દબાઉંગા. હેરાન હેરાન કરૂંગા. જાઓ-નકીબ કોટવાલકુ હુકમ ભેજો. ઇસકે લીયે તરફ બનાયે. (જાય છે)

કયું અહલેકારો કયસા ?

અહે—જી હજુર કયા કહેના ?

નકીબ—જીનાબે આલી, એક ધોબી આકે બહાર ખડા રહ્યા હય ઓર ફરીયાદકી બુમ દેતા હય.

નવાબ—આને દો. અચ્છા ધોબી તેરી કયા ફરીયાદ હયે ?

ધોબી—આપકા ફોજદાર સાહેબને કપડા ધુલવાએ સારા બરસ તક. અમેરા રૂપઇઆ બારા નહી દેતા હય. કોઇ બી અમેરી ફર્યાદ નહી સુનતે હય.

નવાબ—અચ્છા. ઉસમે કયા. જાઓ ગટરસે પાની નીકાલો, ફોજદાર કે વાંહ જાકે સબ કપડે ખરડાવો, ભીંજવા દો, ગંદે કર દો. પીછે ધોનેકો લેજાઓ, ઇધર લાઓ, દેખો પીછે કયસા તુમેરા નાણા આજાતા હય. જાઓ જલ્દી કરો. દેખ ધોબી તુમ અયસા ન કરેગા તો તેરે શીર કટા જાયગા. જાઓ.

સોદાગર—(પ્રવેશી) હજુર, દીવાન સાહેબ ના બોલતા હય સો રૂપીયા દેને કો.

નવાબ—અચ્છા નકીબ જાઓ. ફરમાન લેજાઓ અઢઈસે રૂપીયા દેનેકો ઓ સોદાગરકો. (ખુદસે) આધા બી ન દેગા અયસા મતહે.

નકીબ—હજુરે આલી, એક દરજી આકે ફરીયાદ પુકારતા હય.

નવાબ—આનેદો. કયું દરજી તેરી કયા અરજી હય?

દરજી—સાબ આપણા ફોજદાર સાહેબે કપડા સીવડાવ્યા તેનાં નાણાં નથી આપતા.

નવાબ—અયસા! બોલ કપડાં કીધર હય?

દરજી— એ તો દેઈ દીધા સાબ.

નવાબ—તો મયે કયસા ઇન્સાફ કરૂં. અચ્છા નકીબ ફોજદારકુ બુલવાવો. જલ્દી બુલ્વાવો. (નકીબ જાતા હય.) દરજી, વ્હાં બેઠો.

નકીબ—થોડે લોક આપકી હજુર આનેકી ઈતિજારી રખતા હય.

નવાબ—અચ્છા આને દો. અચ્છા લોક આપને તશરીફ કયું લીઈ.

૧—અહીંના ફોજદાર બુધાલાલે ગઈ કાલે રાતના અમારી નાતમાં આવી તોફાન કર્યું અને અમોને માર્યા.

નવાબ—તુમકુ! તુમકો કયા હુવા?

૧—અમકુ મારા બહોત માર દીયા?

નવાબ—કીસને દીયા?

૧—આપકા ફોજદારને.

નવાબ—અમેરા ફોજદાર અયસા તોફાન કરે ઓ બાત તદન જુઠા હય. જાઓ બયઠો. વાંહ બયઠો. અબી ફોજદાર આયગા.

સોદાગર—હજુરે આલી, દીવાન સાબ ના બોલતા હય. અઢીસો દેનેકો ના મંજુર કરતા હય.

નવાબ—ઓ કયસા! સોદાગર સાહેબ મયે આપકુ પહીલેસે એ બોલ દીયાથા. ઓ આદમી અયસા હરબખ્ત કરતા હય. લો દેખો મયે પીરસેહી બાત કરતા હું. નકીબ જાઓ દીવાનં સાહેબકુ બોલ દો અમેરા ગુસ્સા મત બઢાવો. ઓ સોદાગરકુ અઢીસો. દેનેકા જાસ્તી હોવે તો પાનસો દો પાનસો. જાઓ બોલો. (ખુદસે) પા ભાગ નહી દેગા અયસા મૂરખા નવ હોગા. (જાય છે સોદાગર સાથે નકીબ).

ફોજદાર—(પ્રવેશે છે).

નવાબ—અચ્છા ફોજદાર સાહેબ, ઓ લોક આપકા સામને ફરીયાદ લાએ હયે. ચલાવ દરજી ઈધર આવો. કયું તેરી કયા ફરીયાદ હય ?

દરજી—સાહેબ મ્હારા કપડાના નાણા નથી આપતા.

નવાબ—કયું ફોજદાર સાબ તુમ કયા કહેતા. અમકુ ખાત્રી હય ઓ લોક બદમાશ હય. અચ્છા આપ આપકા જવાબ દેદો.

ફોજદાર—સાહેબ, આવાં કપડાં તે શીવી શકે છે? પુછો.

નવાબ—ઓ સચ હય. કયું અયસા કપડા તું તૈયાર કર શકતા હય ?

દરજી— જી હા.

નવાબ—અચ્છા તો તુમ જાઓ ઓ ફોજદાર સાહેબ સાથ. તુમને કપડા સીલવાયા હોય ઓ સબ લે જાઓ ઓર

તુમેરા દોરા ઓર સોય ઓર સીલાઇ પીછે લે જાઓ. જાઓ અયસા કરો. (દરજી જાય છે.)

નવાબ—અચ્છા ફોજદાર સાહેબ, એ લોકકી ક્યા બાત હય ?

ફોજદાર—સાબ એ સબ જુઠ્ઠે હય, કાલ એ સામને આયા હે એ કચરા પુંજાને એક ડાંગ લાકર તોફાન બનાયા. એ મોંઘા પથરાને દો ડાંગ લેકર તોફાન બનાયા. એ ઠોકરા ઇંટાલાને ચાર ડાંગ લેકર તોફાન બનાયા ઔર એ હરખા ભરખાને તો સારા સ્હેરકા ઝાડકી ડાંગ બના કે તોફાન કર દીયા. અયસા હે હજુર. અમેરા ગુન્હા હોવે તો શિક્ષા ફરમાના.

નવાબ—કયું લોક એ કયા સચ હય ?

(બધા ગરબડાટ કરી મુકે છે).

ફોજદાર—દેખો સાબ એ કયસા ઘોંઘાટ કરતે હય એસા હી ઘોંઘાટસે અમેરા કાન ફોડ ડાલે ઓર ઉસીકા તોફાનસે ભાંગફોડ કર દીઇ.

૧—સાબ એ વાત બરાબર નથી. અમોએ તેવું કાંઈ તોફાન કર્યું નથી. જમવા જઇએ ત્યાં ડાંગ લઇને જઇએ એ કેમ બને ?

ફોજદાર—હજુર એ સબ બદમાશ હય.

નવાબ—બરા બદમાશ હય.

ફોજદાર—હજુર ગાંવમે જા કર દેખો અબી એક ભી ઝાડ છ-પરેપર માલુમ ન હોતા. ચાર ચંદરોજપે વહાં સબ દપ્ત

હોતે યે વાંહુ આજ કુછ બી નહીં હય. સબ ઝાડ તો-ડકે તુફાન મચાયા, ઘુંઘાટ બનાયા ઓર સારી પોલીસકુ હેરાન હેરાન કર દીયા. અબી કયાજી. બોલો ?

નવાબ—બરોબર હય. સચ હય. ફોજદાર સાહબ એ સબ લોકકુ આપ લે જાઓ. જેલમેં બેઠાવો ઓર દંડ કરો જ-યસા આપકી મુન્સફી. ઇસકો એયસા કરો જયસા સારી જીંદગી અમેરા મહેલકા ઓર સારા ગાંવકા છપરેપર રહેતા હોવે અયસા ઝાડ ન બિગાડે. અયસી સખ્ત શિક્ષા કરો.

૧—સાબ કાંઇ છાપરા ઉપર ઝાડ ઉગતાં હશે !

નવાબ—તો કયા ફોજદાર મારામારી કરતા હશે ?

૧—સાહેબ, અમો તો ફરીયાદ કરવા આવ્યા ત્યાં અમનેજ ધકેલશો.

નવાબ—જુઠ્ઠા ફરીયાદ લેકર આઓ મગર મયે તુમકો શિક્ષા ન કરૂં ?

૧—અમારા બારીસ્ટરને આવવા દો. તેમને આપને કહેવા દો. પછી આપને યોગ્ય લાગે તેમ કરો.

નવાબ—અમકુ બેરીસ્ટરકા જરૂરીયાત નહી હય. બેરીસ્ટર અં-ગ્રેજી અદાલતમેં બકબકાટ કરતા હય. અમેરે વાંહુ અયસા બેરીસ્ટરકી કુછબી જરૂરત નહી. જાઓ જી. ફોજદાર સાહેબ લે જાઓ. (ઘોંઘાટ કરતા જાય છે)

નવાબ—અહેલેકારો કયસા કમબખ્ત એ લોક.

અહલેકારો—તદન નાપાક તદન નાપાક.

નવાબ—ક્યું ફયસા મેને કીયા ઇન્સાફ ?

અહલેકારો—આફ્રીન, હજુર આફ્રીન.

સોદાગર—મહેરબાન નવાબ સાહેબ, હજુરે આલી, ઓ દીવાન સાબ પાંચરો: બી દેનેકા ના બોલતે હય.

નવાબ—એ કયા જુલુમ હય. દીવાન સાબકુ આનેદો. નકીબ સંદેશા ભેજ્જો. સોદાગર સાબ આઇએ આપ બયઠીએ.

બેરીસ્ટર—ગુડમોરનીંગ નવાબ સાહેબ.

નવાબ—તુમ કોન હો?

બેરીસ્ટર—મયે બેરીસ્ટર હું.

નવાબ—કોનસા બેરીસ્ટર—? કાયદેકા ઓર ફાયદેકા ?

બેરીસ્ટર—આપકી અદાલતકા બેરીસ્ટર હું.

નવાબ—અદાલતમે જાઓ ઇધર કાયકો આયા? કુછ કામ હયે?

બેરીસ્ટર—ઓ લોક જો આયાથા ફરીઆદ કરનેકો ઉસકા કેસ લેકે મયે આયા હું.

નવાબ—ઉસીકા કેસ ! કીધર હયે?

બેરીસ્ટર—મયે ઉસકા બેરીસ્ટર બનકે આયા હું.

નવાબ—અચ્છા દેખો મયે તુંમકુ બેરીસ્ટર કબુલ રખતાહું. અચ્છાં બેરીસ્ટર સાહેબ ફરમાઇએ કયું તસરીફ લીધ?

બેરીસ્ટર—આપકા ચુકાદાપે અપીલ કરને કે લીયે ?

નવાબ—ઓ લોક બડા બદમાશ હય.

બેરીસ્ટર—શાહુકાર હય.

નવાબ—સુવરકા સૌહર હય.

બેરીસ્ટર—ખુશબખ્ત હય.

નવાબ—કમબખ્ત હય.

બેરીસ્ટર—અયસા ન હો હજુર આપકા કાન ભરમાગે.

નવાબ—અયસા ન હો બેરીસ્ટર સાબ આપકા કાનસે સાન નીકલ જાવે. અચ્છા. બોલો બેરીસ્ટર સાબ તુમેરી અપીલ મેયે સૂનતા હું. બોલો આપ કયસી તરહસે આ કર મોજુદ હુવે હય?

બેરીસ્ટર—રાજ્યકા કાનુનોસે.

નવાબ—અચ્છા ઠેરીયે. નકીબ, માસ્તરકુ બુલવાવો. અચ્છા માસ્તર બો અંગ્રેજ લોક પઢતે હે બાદશાહકી બાતકા બો આપને સુનાયાથા બો કયા?

માસ્તર—કીંગ્સ વીલ ઇઝ લો.

નવાબ—દેખો બેરીસ્ટર સાબ ઇસકા માયના પઢો. બાદશાહકી મરજી બોહી કાનુન હય.

બેરીસ્ટર—ઇન્સાફકી રાહ કે લીયે બો નહી હય. ઇન્સાફ મે બાદશાહ બદ નહી હો શકતા હય.

નવાબ—સચ હય. પઢો માસ્તર બો બાત બી. અંગ્રેજી કીતાબોમેં હય વોં પઢો.

માસ્તર—કીંગ કમીટ્સ નો રોંગ.

નવાબ—સુનીયે બેરીસ્ટર સાબ બો કીતાબકી સાહદત.

બેરીસ્ટર—માયના ગયર માયના હોતા હય.

નવાબ—અચ્છા બેરીસ્ટર સાબ આપકુ પરશીયન આતા હય?

બેરીસ્ટર—જી આતા હય.

નવાબ—આપકુ સંસ્કૃત આતા હય? ઓ બામન લોક પઢતે હય વો?

બેરીસ્ટર—જી આતા હય.

નવાબ—અચ્છા તુમકુ રસીયન આતા હય?

બેરીસ્ટર—ઓ બેમાલુમ હય.

નવાબ—દેખો આપકું ઇટાલીયન આતા હય?

બેરીસ્ટર—વો બેમાલુમ હય.

નવાબ—અચ્છા આપકુ ફ્રેંચ આતા હય?

બેરીસ્ટર—વો બેમાલુમ હય.

નવાબ—દેખો આપકુ બંગાલી આતા હય?

બેરીસ્ટર—વો બેમાલુમ હય.

નવાબ—અચ્છા તો દેખો તુમેરી બેરીસ્ટરીકી પરીક્ષા હો ચુકી. તુમ બેમાલુમ હો જહાનકે કાયદાસે. માસ્તર રસીઅન સુનાઓ.

માસ્તર—જહન જહાન્ના જખી જાલા, જહન રસીઆ ઝુનની

નવાબ—ઇસકા માઅના અયસા હય. કાયદેકી અદાલતમાં કોઇ બી આદમી કો દાખલ કરના હો અગર ના ઓ મુન્સફી ઝુન માયના બાદશાહકા હય. કયું માસ્તર સાહેબ?

માસ્તર—જી હજુર.

નવાબ—અચ્છા ઇટાલીયનકી શાદત સુનાઓ.

માસ્તર—પ્રોઓનો પબ્લીકો રીઆલ્ટો ઇમપીરીએટા.

નવાબ—ઉસીકા માયના અયસા હોતા હય. બાદશાહતકુ અયસી સત્તા દીજાતી હે જીસ્કા જોરસે સારી આમકુ જેલમે ભેજ શકતા હય. કયું મારતર સાહેબ?

માસ્તર—જી હજુર.

નવાબ—અચ્છા ફ્રેંચ ચલાવ.

માસ્તર—દેન દીનો દીના દીના દીનો દીનું રેક્ષ રીજીના.

નવાબ—માયના અયસા હય. બાદશાહ ઔર બેગમ સબ જહાનકા બાબા અમ્મા હય. લોકકુ મારના હોવે ઔર કય-દખાનેમેં રખના હોવે ઉસકી મુન્સફી ઉસકે હાથમેં હય. કયું મારતર સાહેબ?

માસ્તર—જી હજુર.

નવાબ—અચ્છા અબી બંગાલી શાકત સુનાઓ.

માસ્તર—દુર્ગેર રાજા દુર્ગેર પ્રજા પક્ષ્યે મરન કાર.

નવાબ—માયના અયસા હય જો લોક રાજા કા હુકમ ના ફરમાન કરતે હયે ઉસકા બેજાન હોના ચહીએ. કયું મારતર સાબ?

માસ્તર—જી હજુર.

નવાબ—અચ્છા દેખો બેરીસ્ટર સાબ તુમેરા બાત સુના, ઔર અંગ્રેજી, ફારસી, રસીઆઇ, ઇટાલીઅન, ફ્રેન્ચ ઔર બંગાલી જબાનકા સાકત સુનાયા. અબી બોલો આપ કયા કહે શકતે હો.

બારીસ્ટર—ઓ સબ જુલુમ હય.

નવાબ—દેખો બેરીસ્ટર સાબ હમ જુલમ કરનેવાલે, તો પીછે
તુમ નીકલ જાઓ ઇધરસે કરકે મું કાલે. જાઓ દીવાન
સાબકુ સુનાવો આપકી બારીસ્ટકી ટર ।।
અમ નહી સુનોગા જાઓ.
અચ્છા નકીબ—દીવાન સાહેબ આયા?
મુઆફ કરના. સૌદાગર સાબ ઢીલ હુઇ.

નકીબ—હજુર. વો આપહી દેરસે આ રહા હય?
દીવાનખાનેમે રાહત લેતા હય.

નવાબ—ખબર દો. આને દો. આઇએ હજુર દીવાન સાબ
આજ બોત ગુંચાડેકા કામ આ રહા હય.
આપ અભી ઓ સબકા સુનકે ઇન્સાફ કરો.
લેકીન ઓ સોદાગરકા કયા હય?
કયું નહીં દેતે હો આપ રૂપીએ?

દીવાન—દેખો સાબ ઓ થેલીયાં હય ઉસમે એક પચાસ
કી હય, એક સોકી હય, એક અઢીસોકી હય, ઓર
એક પાંચસોકી હય. આપકી મરજી હોવે સો દો.

નવાબ—ઓ છોટી દે દો. ઓ બરીકા કયા કામ હય.
લીજીએ સોદાગર સાબ હુકમ ભેજીએ.

સોદાગર—(ખુદસે) બડા પાજી બેવકુફ નવાબ. (સલામ કર કે
જાતા હય.)

નવાબ—અચ્છા દીવાન સાબ પહીલેસેહી મેં બોલા થા
ઇતના રૂપીઆ દો દીયા હોતા તો કયા હોતા?

દીવાન—એકીલા બાત કરેંગા. અહેલેકારો તખ્લીઆ-(સૌ જાયછે)
નવાબ સાબ દેખો. ઓ બેરીસ્ટરકુ આપને નીકાલા ઓ

જાયગા બડા સાબકે વહાં ઓર પીછે કરેગા કજીઆ.

નવાબ—કયા અમ ઓ બડા સાબકા નોકર?—અમ અમેરા કરેગા. ઓ કયા કરેગા?

દીવાન—તાજ છીના જાયગા. કયા હોગા કયા?

નવાબ—તો છોડ દો સબકુ ઓર દો દો રૂપીયે સબ લોકકુ ઓર બેરીસ્ટરકુ બી અઢાઇ રૂપીએ દો, પીછે વો કયા બોલેગા ?

દીવાન—હજુર, માસ્તરકી પાસ અબી જાણુલો.
એકુ દો પાંચ પચાસકા માયના.
નહી જાનો હોયગા બેજાનકા રાસ્તા.

નવાબ—અચ્છા જી ફરમાઓ આપ જાઓ. (જાય છે)

૧૧

કૃષ્ણની વિદાયગીરી.

વસ્તુ—મથુરાથી રાજા કંસનું તેડું લઇ આવેલા અક્રુરને લઈ કૃષ્ણ બહાર ફરવા નીકળ્યા છે. તેઓનો સંવાદ મામાના કપટ તરફ દોરાય છે અને કૃષ્ણ પોતાના મર્મ ટાળે છે. છેવટે બન્ને જણ સાથે નીકળવા નક્કી કરે છે.

બળભદ્ર— (ગાયન).

શક્તી અતુલીત, વચન અમુલીત, વાણી સુધારસ ?
અસલ રસીક—રસીક વર એ
મહાવીર ગંભીર, ધીર વીર નર એ
કહે જનો સાહાબાશ. શક્તિ—

ખરે શ્રીકૃષ્ણની સ્તુતી કરતાં
સર્વે રૈયત ભક્ત ભાવના વાળા
ભાવીકોને આપેલો જવાબ
વિસ્મય પમાડે એવો છે.
તહેમની અથાગ શક્તી તે
પોતાના માત પીતાના અપુર્વ
મનોબળનું સામર્થ્ય જણાવે છે.
હશે. તે વીષય અગમ્ય છે.
અક્રુરજીનું અંહી આવવું થયું

તે વીષે બીજા જુદા વીચાર કરે છે
પરંતુ મને અક્રુર
શુદ્ધ નીષ્ટાથી આવ્યો જણાય છે.
શ્રીકૃષ્ણે ત્હેને તપાસવા
આજે ગોઠવણ કરી—રમત રમવા
બન્ને સાથે નીસરી પડ્યા છે;
આખો દીવસ બહાર રહ્યા છે
અને આ વખતે આવવા કહેલું છે
તે આશાએ અહીં થંભુ છું.
અહો આવ્યા બાજુએ રહું. (બાજુએ રહે છે)

કૃષ્ણ—(પ્રવેશી) અક્રુરજી, મામાને વાત્સલ્ય વધ્યું
તે તમારી વાત શી રીતે રૂચે ?
શત્રુ મીત્ર થાય કે ?
ગળીનો રંગ અગર કોયલાનો રંગ
લાખો, કરોડો સાબુથી ધોતાં
શું બદલાશે કે ?

અક્રુર—સ્નેહીના સ્નેહ શ્યામ હોતા નથી
પરંતુ મન ઉપરની મેશ
હર હમેશના ખટપટ થવથી
વધી જાય તે જરૂર
પશ્ચાતાપ જળથી પલળી
સૌહાર્દ સાબુએ ધોવાય
તે શું સ્વાભાવીક નથી ?

કૃષ્ણ—ભાઈ, સ્નેહીના સ્નેહ શ્યામ હોતા નથી
પરંતુ શત્રુના સ્નેહ કેવા હોય ?
કંસ મારો સ્નેહી કે શત્રુ
તે આપ જરા વીચારશો !
મારા બાળપણની વાત
ગોકુલ અને વંદ્રાવનમાં સુપ્રસીધ છે
તે જરા સંભારશો ?
પુતના અને બીજા રાક્ષસી સ્વભાવના
ગોઝારાં કૃત્ય કરવા આવેલા
છેવટે પ્રલંબનની બીના
તે શું સ્નેહ બતાવે છે કે ?
આપ પોતેજ આપને
છેલ્લાં આપને ગમે તે પ્રકારે
મ્હને સમજાવી લઇજવા સમજાવ્યું
તે કેમ વીસરો છો ?

અક્રુર—એતો સ્નેહનો ઉભરાટ
વ્હાલાને બોલાવવા
વારંવાર દબાણ દરશાવે ?
આપને મળવા ઉત્સુક છે એટલુંજ નહી
પણ આપને તેઓ પાસે લઇ જનારને
અઢળક ધન આપવા તૈયાર છે.

કૃષ્ણ—આપને આપવા કહેલું કે ?

અક્રુર—અવશ્ય, મહા પુરૂષોનાં વચન
કદી પણ અફળ બનેજ નહી.

સ્નેહની સાંકળો સબળ બળે
બંધાયલી તેથીજ તેવો ભોગ
આપવા રાજા તૈયાર છે.

કૃષ્ણ—અકપટી મન કપટાચરણ કયાંથી જાણે !
અક્રુરજી આપની ગણનામાં આપ
અવશ્ય તદન ભુલ્યા છો.
આપના છેલ્લા વચને
મ્હારા મર્મ ટાળ્યા છે
અને કંસનું કપટ ચેત્યો છું
છતાં આપનું દુત કાર્ય અફળ
જવા નહી દઉં. ચાલો તૈયાર
થઈ આપણે જઈએ   (બન્ને જાય છે).

બળરામ—કૃષ્ણની મન શક્તી કેવી વિશાલ !
બ્હાર જનોને ઉમર બાળ
સદા સર્વદા છે છતાં
શાં ત્હેનાં મર્મ વચનો !
પ્રભુ, ત્હારી પુર્ણ કૃપા
કેવી રીતે અવતરે છે !
ધન્ય હો, માત પીતા તમને
અહાવો ધર્મ વીર ઉપજાવ્યો !

(જાય છે)

૧૨.

મારવાડીનો પંજો.

(વસ્તુ—વેનીસના એક બેસાનીઓને નાણાંની જરૂરત હોવાથી તે એક શાયલોક નામના જ્યુ પાસે ઉછીના લેવા આવેલ છે નાણાની જામીનગીરી તરીકે એન્ટોનીઓ નામના એક મ્હોટા વેપારીને કબુલ રાખવામાં આવે છે અને તે સાથે એવી શરત કરવામાં આવે છે કે જો પાકે દીને નાણાં પાછાં વાળવામાં ન આવે તો એન્ટોનીઓના શરીરનું એક રતલ માંસ જ્યુને મળે.)

(મરચંટ ઓફ વેનીસ (શેકસપીયર) અંક ૧: પ્રવેશ ૩)

સ્થળ—વેનીસ—રસ્તો.

બેસાનીઓ અને શાયલોક પ્રવેશ કરે છે.

શાય—ત્રણ હજાર ડયુકેટ?—ઠીક.

બેસા—હા અને ત્રણ મહીના માટે.

શાય—ત્રણ મહીના માટે—ઠીક.

બેસા—જેને માટે મ્હેં કહ્યું તેમ એન્ટોનીઓ જામીન થશે.

શાય—એન્ટોનીઓ જામીન થશે—ઠીક.

બેસા—મ્હને મદદ કરશો? મ્હને સહાય દેશો? આપનો જવાબ જાણું?

શાય—ત્રણ હજાર ડ્યુકેટ, ત્રણ માસ માટે અને એન્ટોનીઓ જામીન.

બેસા—ત્હેનો જવાબ ?

શાય—એન્ટોનીઓ સારી આશામી છે.

બેસા—ત્હેના વિરૂદ્ધ કાંઈ સાંભળ્યું છે?

શાય—અરે ના ના ના ના ના મ્હેં ત્હેને સારી આસામી કહ્યો તેનો માયનો એટલોજ કે તે ફક્ત જામીનગીરીમાં ચાલી શકશે—પણ—પણ તેની સ્થીતિ વિચારનીજ છે. ત્હેણે એક વ્હાણ ટ્રીપોલી મોકલ્યું છે. બીજું ઇન્ડીસ મોકલ્યું છે. અને મ્હેં રીઆલ્ટોપર સાંભળ્યું તેમ ત્રીજું મેક્ષીકો મોકલ્યું છે અને ચોથું ઈંગ્લાંડ મોકલ્યું છે, અને બીજા સાહસો જુદા જુદા તે કરેછે. પણ ભાઇ, વ્હાણો લાકડાં અને ખલાસી માણુસો છે. જમીન ચુવા અને જળ ચુવા હોય છે. જળચોર અને જમીન ચોર હોય છે એટલે કે—ચાંચીઆ અને બીજું દરીઆમાં પણ ભય હોય છે—તોફાની હવા અને ખડકો. પણ તે છતાં આશામીની જામીનગીરી પુરતી છે. ત્રણ હજાર ડ્યુકેટ, હું ધારૂં છું તેની જામીનગીરી લઉં.

બેસા—ખચીત તમે લેજો.

શાય—હું પોતે ખાત્રીથી લઈશ અને હું ખાત્રી કરી લઇશ. હું એન્ટોનીઓ સાથે વાત કરૂં ?

બેસા—તમારી ઇચ્છા હોય તો ખાણા ઉપર આવો તો.

શાય—×—×—× હું તમારી સાથે ખરીદી કરીશ વેચાણ કરીશ, વાત કરીશ, અને એવું કરીશ. પણ હું તમારી

જોડે જમીશ નહી પીશ નહી તમારી જોડે પ્રાર્થના કરીશ નહી. રીઆલ્ટોની ખબર—કોણછે ? (એન્ટોનીઓ પ્રવેશ છે)

બેસા—આ સીનોર એન્ટોનીઓ.

શાય—(સ્વગત)   ધુરકતો પ્રજાપક્ષી જેવો દેખાય છે.

વેનીસમાં અમારા વ્યાજના દરથી
ઓછા દરની તેની ધીરધાર
ક્રીશ્ચયનના ધીક્કારથી
વધુ ધીક્કારે ધીક્કારાવે છે.
જો તે ઝલાય અને અંહી ફસાય
તો મ્હારૂ જુનું વેર વળાય.
વેપારી મંડળમાં અમારી પવિત્ર પ્રજાને
અમારી કર કસર અમારા નફાને
વ્યાજ કહી મ્હને વગોવે છે.
ધીક્કાર હોજો ધર્મપર જો માફ કરૂં તો.

બેસા—શાયલોક, મ્હારૂ સાંભળ્યું ?

શાય—હું મ્હારી અનામતપર વિચારૂ છું
અને યાદ શક્તિના જોરે ધારૂ છું
કે પુરા ત્રણ હજાર ડચુકેટ ભેગા કરવા
ભારી છે. તોએ શું ? અમારી જાતનો
હીબ્રુ ટયુબાળ મ્હને નાણા ધીરશે.
પણ સબુર. કેટલા મહીના તમારે જોઇએ ?
(એન્ટોનીઓને) કાં સીનોર તબીઅત મજેહમાં ?
આપનુ નામ છેલ્લા યાદ કરતા હતા.

એન્ટોનીઓ - શાયલોક, વધુ નાણા લઈ યા આપીને
નાણા આપતો અગર હું લેતો નથી.
પરન્તુ મીત્રની ખરી તંગીમાં
સહાય થાવા નિયમ ત્રોડુંછું.
કેટલાં નાણાં જોઈશે તેની ખબર છે?

શાયલોક—હા. હા ત્રણ હજાર ડ્યુકેટ.

એન્ટો—અને ત્રણ મહીના માટે.

શાય—હું તે ભૂલ્યો. ત્રણ મહીના—તમે મ્હને કહ્યું
ત્રણ મહીના. ઠીક. તો તમારી જામીનગીરી. અને મ્હને
વિચારવા દો—પણ મ્હને સાંભરે છે કે તમે કહ્યું કે નાણાના
લાભ માટે નાણાં ધીરતા અગર લેતા નથી.

એન્ટો—હું કદી તેમ કરતો નથી.

× × × ×

શાય—ત્રણ હજાર ડ્યુકેટ-મ્હેટી રકમ,
બારને બદલે ત્રણ માસ—તો હું ધારૂં છું,
હું વિચારૂ—દર ?!

એન્ટો—શાયલોક, તો અમારે રોકાવું કે?

શાય—સીનોર-એન્ટોનીઓ, ઘણી વખ્ત અને વારંવાર
રીઆલ્ટોપર મ્હારે માટે મારા નાણા માટે
અને મ્હારા લાભ માટે મ્હને વગોવ્યો છે.
છતાં સહનશીલતાથી મેં સહ્યું છે.
સહનશીલતા અમારી જાતીનો ધર્મ છે.
તમે મ્હને અધર્મી તૃષાતુર કુતરો કહ્યો છે
અને મ્હારાં કપડાં તરફ થુંક્યા છો.

અને આ સઘળું મ્હારાજ નાણા માટે !
અને હવે લાગે છે કે તમારે મ્હારી મદદ જોઇએ
મ્હને મળોછો અને કહો છો:
'શાયલોક, અમારે નાણા જોઇએ'
તમે તેમ કહો છો.
મ્હારી દાઢીને વગોવનાર,
રખડેલ કુત્રાને લાતથી મારવા સમાન અપમાન કરનાર
તમે મ્હારી પાસે માંગોછો.
નાણાં તમારી માંગણી છે.
મ્હારે તમને શું કહેવું ?
જવાબ આપુ ના શાને કે
'કુતરા પાસે પૈસા હોય ના
કુતરા પાસે ત્રણ હજાર ડચુકેટ
તે અસંભવીત' અથવા
નમ્રતાથી તમો આગળ નમી જઇને
'મહેરબાન, ગયા બુધવારે
મ્હારા ઉપર થુંક્યા હતા.
બીજીવાર કુત્રો કહ્યો હતો
અને આ હાવભાવે
હું આટલાં નાણાં ધીરૂં છું ?'
એન્ટો—હું તેજ છું અને તેજ રહીશ.
થુંકીશ અને વગોવીશ
જો નાણાં ધીરવાં હોય તો
ધીરીશ ના જેમ મીત્રને.

મીત્ર લે કદી નહી વધારો વિત્તનો,
પણુ ધીર જેમ ધીરતો હોય
ત્હારા કટ્ટા શત્રુને
જો તે પાળે નહી શર્ત તો
લેવી નુકશાની જે ઘટે.

શાય—આ શાને ? સાંભળો,
હું કરીશ મીત્રાઇ સાથ તમારી અને જીતીશ પ્રીતને
ભૂલી જઇશ શર્મોને અને સઘળી ચીડને.
આપીશ નાણાં જરૂર જોગા વિના કાંઇ વધારાથી
ધારૂં થશે સંતોષ તમને આ મારા ઇરાદાથી.

બેસા—અલબત્ત તે દયા.

શાય— આ દયા હું બતાવીશ.
ચાલો મ્હારી સાથે વકીલને ત્યાં
અને ત્યાં તમારો લેખ લખી આપો
અને એક આનંદી લેખ માંગુ છું.
કે જો તમે તમારાં નાણાં પાછાં દીને
લખ્યા મુજબ આપો ના
તો માંસ શરીર તમારાનું
ગમે મ્હને તે ભાગનું
એક રતલ લેવાનો
અધીકાર મ્હને આપજો.

એન્ટો—બસ એજ ? હું તેવો લેખ લખી આપીશ
અને ધારીશ દયા જ્યુ ત્હારી.

બેસા—મ્હારે માટે તેવો લેખ લખશો ના.

અઠ્ઠાવીશ ભીડ મ્હારી નાણાના વીના.

એન્ટો—ડર મા. મ્હારે તે દેવાનું નથી.

આ બે માસમાં-પાકયા દીનની એક માસ અગાઉ.
હું ધારૂ છું લેખની રકમથી
ત્રણથી ત્રણ ગણી રકમ પાસે હશે.

શાય—ઓ અબ્રામ, આ ક્રીશ્ચીઅન કેવા ? તેમનાં કઠણ હૃદય
કઠણતા બધે ભાસે છે, મહેરબાન, મ્હને કહો. જો તે
પોતાનો કરાર પાળે નહી તો સરત પળાયે શું મળે ?
માણસનું માંસ મ્હને શા કામનું ?
નહી કીમત અને તે કોડી કામનું.
સાંભળો,
ત્હેની કૃપાને માટે આ મૈત્રી બતાવુછું
માનો તો પાળો તે અગર નહી તો જાઉછું
અને મ્હારા સ્નેહને માટે મ્હને દુ:ખી મા કરો.

એન્ટો—બસ શાયલોક—હું તે બોન્ડ લખી આપીશ.

શાય—તો ચાલો વકીલને ત્યાં અને આ રમુજી લેખ લખવા
આપો તેને સવલતા. અને હું જઇ ડયુકેટસ લઇ
સોંપેલ ગુલામને ઘર સંભાળી તરત સાથ થાઉ છું.

એન્ટો—જલ્દી કર કૃપાળુ જયુ. (શાયલોક જાય છે પછી) હીબ્રુ
ક્રીશ્ચીયન થશે દયા વધી છે.

બેસા—સારી શર્ત અને લુચ્ચાનું મન પ્રસન્નતા ત્યગાવે છે.

એન્ટો- ચાલ લઇ રૂખશદ દીલગીરી દૂર કર
વ્હાણુ મ્હારા પહોંચશે એક માસ અગાઉ પર.

૧૩

ઈર્ષ્યાનો જુલમ.

વસ્તુ—આગળના સંવાદમાં જણાવ્યા મુજબ દસ્તાવેજ થયા બાદ ત્રણ મહીના વીતતાં સુધીમાં એન્ટોનીઓને જબરા ફટકા પડવાથી નીરાધાર સ્થીતિમાં પડ્યો. પાકે દીને જ્યુને નાણાં નહી મળ્યાથી ફરીઆદ નોંધાવી છે. જેલર સાથે એન્ટોનીઓ જ્યુની માફી માંગવા આવે છે. જ્યુ તે સાંભળતો નથી.

(મરચંટ ઑફ વેનીસ) (શેકસપીયર) અંક ૩ પ્રવેશ ૩)
શાયલોક—સેલારીનો. એન્ટોનીઓ અને જેલર પ્રવેશે છે).

શાયલોક—જેલર, આ જુઓ. દયાની વાત કરો ના આ મૂર્ખ
મફત નાણા ધીરનાર તેની આ દશા!

